RNI NO GUJGUJ2003/09673

# સૌરાષ્ટ્ર આજતક

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬


● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૪   સોમવાર, તા.૦૮-૦૪-૨૦૨૪   અંક : ૨૧૧ વર્ષ : ૨૧   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# કચ્છમાં ૫૨૦૦ વર્ષ જૂના નગરના અવશેષો મળી આવ્યાં

## રેતિયા પથ્થરમાંથી બનેલા ગોળ અને લંબચોરસ આકારના મકાનના પાયા પણ હાથ લાગ્યા

લખતર,

કચ્છના લખપત તાલુકાના ખટિયામાં આવેલા પડદાં બેટમાં ખોદકામ કરતાં ૫૨૦૦ વર્ષ જૂના નગરના અવશેષો મળી આવ્યાં છે. ખટિયામાં પડદા બેટમાં ૫૨૦૦ વર્ષ જૂના હડપ્પા સભ્યતાના અવશેષો મળી આવ્યાં છે. સાથે રેતિયા પથ્થરમાંથી બનેલા ગોળ અને લંબચોરસ આકારના મકાનના પાયા પણ હાથ લાગ્યા છે. કેરાલા યુનિવર્સિટીના પુરાત્વીય વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.અભયન જી.એસ. અને ડો. રાજેશ એસ.વી.ના માર્ગદર્શન હેઠળ ફેબ્રઆરીથી માર્ચ ૨૦૨૪ દરમિયાન ખોદકામ કરાયું હતું.



ખોદકામમાં ગોળ અને લંબચોરસ આકારના બે મકાનના પાયાના અવશેષો મળ્યા છે. જે સ્થાનિક રેતિયા પથ્થરમાંથી બનાવાયા છે. આ સિવાય માટીના વાસણના ટુકડા પણ મળ્યા છે. જેમાં નાના અને મોટા માટલાઓ મળ્યા છે. તો અનેક વાસણો પણ મળ્યા છે સાથે સાથે સેમી પ્રેશિયસ સ્ટોન પણ મળ્યા છે. તો હેમર સ્ટોન અને ગ્રાઈન્ડીગ સ્ટોન પણ મળ્યા છે. તો ગાય અને બકરી જેવા પ્રાણીઓના હાડકાના ટુકડાના અવશેષો પણ સંશોધન દરમિયાન મળી આવ્યા હતા.આ સાઈટ જોઈને કહી શકાય છે કે આ ૫૭૦૦ વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિની સાઈટ છે.

આ વિસ્તારમાં ખોદકામ કરતાં એક જુનું કબ્રસ્તાન પણ મળ્યું છે સાથે કેટલાક હાડપિંજરો પણ મળ્યાં છે. ૫૭૦૦ વર્ષ પહેલા અહીં પશુપાલકો રહેતા હતા અને સમય જતાં અહીંની જ માટીમાં દફન થઈ ગયાં હશે. પથ્થર, માટીમાંથી બનાવેલા મણકા, મોતી, ગાય, ભેંસ, ઘેટાં-બકરા, શીપ, છીપલા, તાંબાના પણ અવશેષો અહીં હડપ્પા સભ્યતા સાથે સામ્યતા ધરાવતા વાસણોના અવશેષોની સાથે વિશિષ્ટ પ્રકારની માટીના વાસણો પણ મળી આવ્યા છે.

### ગુજરાતમાં ૪ મહિનામાં ત્રીજું પ્રાચીન નગરના અવશેષો મળ્યાં

૨૦૨૪ના વર્ષમાં ગુજરાતમાં ૪ મહિનામાં ત્રીજું પ્રાચીન નગર મળ્યું છે. ૧૭ જાન્યુઆરીના રોજ વડનગરમાં ૨૮૦૦ વર્ષ જુનું નગર મળ્યું હતું જેના એક મહિના બાદ ફેબ્રુઆરીમાં ધોળાવીરાની નજીક બીજું નગર મળ્યું છે. ધોળાવીરાથી ૫૧ કિમી દૂર લોદ્રાણી ગામમાં ૪૫૦૦ વર્ષ જુનું નગર મળ્યું છે. હકીકતમાં સોનાની આશાએ લોદ્રાણીના લોકો છેલ્લાં ૫ વર્ષથી ગામમાં જ્યાં ત્યાં ખોદતાં હતા અને આ ખોદાકામ દરમિયાન તેમને પ્રાચીન નગરના અવશેષો મળી આવ્યાં હતા. માહિતી મળતાં છજીૈના પૂર્વ પૂર્વ એડીજી અને પુરાતત્વવિદ્ અજય યાદવ અને ઓક્સફર્ડની સ્કૂલ ઓફ આર્કિયોલોજીના પ્રોફેસર ડેમિયન રોબિન્સન લોદ્રાણી ગામમાં પહોંચ્યાં હતા અને સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.

# પરષોત્તમ રૂપાલા સામે વિરોધ ખાળવા હર્ષ સંઘવીની આગેવાનીમાં ભાજપના ક્ષત્રિય આગેવાની મળી બેઠક

## દિલ્હી પણ ભાજપના ક્ષત્રિય આગેવાનોને મિટીંગ માટે બોલાવાયા

ગાંધીનગર,

રૂપાલા સામે વિરોધ ખાળવા ભાજપ દ્વારા ગાંધીનગરમાં વધુ એક બેઠક બોલાવી હતી. જેમાં ભાજપનાં પૂર્વ કેબિનેટ મંત્રીઓ અને ક્ષત્રિય આગેવાનોની બેઠકમાં ૯ જેટલા સામાજિક-રાજકીય આગેવાનોની ઉપસ્થિતિ રહ્યા હતા. બેઠકમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનાં રોષને ખાળવા ચર્ચા થઈ હતી.

૩ વખત રૂપાલાની માફી અને પાટીલે હાથ જોડ્યા બાદ પણ ક્ષત્રિય સમાજ રૂપાલાને હટાવવાની માગ પર અડગ છે. તેવામાં ગાંધીનગરમાં વધુ એક બેઠક યોજાઇ હતી. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં પ્રદીપસિંહ જાડેજા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ બેઠક બાદ હવે ભાજપના ક્ષત્રિય આગેવાનોને ભાજપ મોવડી મંડળે દિલ્હી બેઠક માટે બોલાવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં તૈયબાનું સ્લીપર સેલ એક્ટિવ ચૂંટણી રેલીઓ પર હુમલો કરવાની યોજના

## સુરક્ષા એજન્સીઓ હાઈએલર્ટ : લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર જુનૈદ અહેમદ બટ્ટ કુલગામમાં છુપાયેલો છે

નવીદિલ્હી,

પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદી સંગઠનો જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પહેલા વાતાવરણ બગાડવા અને આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ઘડી રહ્યા છે. જે માટે લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર જુનૈદ અહેમદ બટ્ટ કુલગામમાં છુપાયેલો છે. ભારતીય ગુપ્તચર એજન્સીઓને જાણવા મળ્યું છે કે તેને આવ્યા બાદ સ્લીપર સેલ ઓપરેટિવ્સ સાથે બેઠક પણ કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર એજન્સીઓએ તાજેતરમાં સેટેલાઈટ ફોન દ્વારા થતી વાતચીતને ઈન્ટરસેપ્ટ કરી હતી. જેનાથી જાણવા મળ્યું કે કાશ્મીર પહોંચેલા જુનૈદે ૩૧ માર્ચે કુલગામના નૌબલ ગામમાં તેના સ્લીપર સેલ સાથે જોડાયેલા ઓપરેટિવ્સને આતંકવાદીના ઘરે બોલાવ્યા હતા. ત્યારે મોટા બગીચામાં સ્લીપર સેલ સાથે જોડાયેલા ૬ લોકો હાજર હતા. જોકે તેની ઓળખ થઈ શકી નથી. આ બેઠકની માહિતી ગૃહ મંત્રાલયને આપવામાં આવી છે. આ પછી કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

સૂત્રનું કહેવું છે કે ગુપ્તચર એજન્સીઓને એવી પણ જાણકારી મળી હતી કે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓએ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય રેલીઓ પર હુમલો કરવા માટે સ્લીપર સેલની યોજના બનાવી છે. એવી આશંકા છે કે ભાજપની રેલીઓને ખાસ કરીને કાશ્મીરમાં નિશાન બનાવવામાં આવશે.

# ૧૪ રાજ્યોમાં વરસાદની શક્યતા : ગુજરાત સહિત ૮ રાજ્યોમાં હીટવેવ એલર્ટ

## આંધ્રના નંદયાલમાં સૌથી વધુ ૪૪.૫ ડિગ્રી તાપમાન



નવીદિલ્હી,

દેશના ૧૪ રાજ્યોમાં વરસાદ અને ૮ રાજ્યોમાં હીટવેવની શક્યતા છે. ગુજરાત, ગોવા, કર્ણાટક, કેરળ, તેલંગાણા, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને પુડુચેરીમાં હીટ વેવની અસર થશે. આ રાજ્યોમાં તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, તેલંગાણા, ઓડિશા, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે કહ્યું કે મધ્યપ્રદેશમાં આગામી ૪ દિવસ એટલે કે ૭ થી ૧૦ એપ્રિલ સુધી કરા અને વરસાદ પડશે. વાવાઝોડું ૩૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકનીઝડપે ફૂંકાય તેવી શક્યતા છે. બિહારમાં આજે ગરમીનું મોજું નહીં હોય. અહીંના ૧૬ શહેરોના મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે.આંધ્રપ્રદેશના નંદયાલમાં સૌથી વધુ ૪૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બીજા સ્થાને આંધ્રનું અનંતપુર છે, જ્યાં શનિવારે તાપમાન ૪૪.૪ ડિગ્રીએ પહોંચ્યું હતું.

# INDIA ગઠબંધનનું વધી શકે છે ટેન્શન બંગાળમાં પણ ભાજપ બનશે નં-૧ પાર્ટી

### ચૂંટણી પહેલા પ્રશાંત કિશોરની મોટી ભવિષ્યવાણી

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે જ્યાં વિપક્ષ કેન્દ્રની મોદી સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. ભાજપે આ ચૂંટણીમાં ૪૦૦ બેઠક જીતવાનો લક્ષ્ય રાખ્યો છે. જેને લઈને પાર્ટીની નજર દક્ષિણ રાજ્યના વોટ બેંક પર છે. આ વચ્ચે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે દાવો કર્યો છે કે સત્તાધારી ભાજપને દક્ષિણ અને પૂર્વ ભારતમાં જબરદસ્ત ફાયદો થવાનો છે. આ વિસ્તારોમાં ભાજપના વોટબેંકમાં વધારો થશે.

ન્યૂઝ એજન્સી પીટીઆઈના રિપોર્ટ મુજબ, પ્રશાંત કિશોરે કહ્યું કે, ‘વિપક્ષની પાસે ભાજપના રથને રોકવાના ઘણા અવસર હતા, પરંતુ તેમણે ખોટા નિર્ણયના કારણે અવસરો ગુમાવી દીધા. ભાજપ તેલંગાણામાં અથવા તો પહેલી કે બીજી મોટી પાર્ટી બનીને ઉભરશે, જે એક મોટી વાત છે. તે (ભાજપ) ઓડિસામાં સૌથી વધુ બેઠક જીતશે. પશ્ચિમ બંગાળણાં ભાજપ નંબર એક પાર્ટી બનવા જઈ રહી છે. તામિલનાડુમાં ભાજપના વોટ શેર બે અંકમાં પહોંચી શકે છે.’

પ્રશાંત કિશોરે કહ્યું કે, ‘તેલંગાણા, ઓડિસા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, બિહાર અને કેરળને મિલાવીને લોકસભાની કુલ ૨૦૪ બેઠકો છે, પરંતુ ભાજપ આ વિસ્તારોમાં ૫૦ બેઠકો પણ નથી જીતી શક્યું. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને આ વિસ્તારોમાં ૨૯ બેઠકો મળી હતી તો ૨૦૧૯માં ૪૭ બેઠકો પર જીત મળી હતી.

# લોકતંત્રનું ચીરહરણ કરી રહ્યા છે વડાપ્રધાન મોદી - સોનિયા ગાંધી

## જયપુરમાં કોંગ્રેસ મહારેલીને સોનિયા ગાંધીએ સંબોધિત કરી

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ આગામી લોકસભા ચૂંટણી માટે પ્રચાર શરૂ કરી દીધો છે. એક તરફ ભાજપ સતત ત્રીજી વખત દેશમાં સત્તા હાંસલ કરવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ કોંગ્રેસનો હેતુ ભાજપને સત્તા પરથી હટાવવાનો છે. શનિવારે રાજસ્થાનના જયપુરમાં કોંગ્રેસે મહા રેલીનું આયોજન કર્યું હતું.

આ રેલીમાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, પાર્ટીના વર્તમાન અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા , સાંસદ રાહુલ ગાંધી સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. રેલી દરમિયાન પાર્ટીએ પોતાનો ચૂંટણી ઢંઢેરો ‘ન્યાય પત્ર’ લોન્ચ કરીને વડાપ્રધાન મોદી અને ભાજપ પર વિવિધ મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા.રાજ્યસભા સાંસદ બન્યા બાદ પહેલીવાર રાજસ્થાન આવેલા સોનિયા ગાંધીએ રેલીને સંબોધિત કરી હતી.રેલી સંબોધતા મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયાએ કહ્યું, ‘મોદીજી પોતાને મહાન ગણીને દેશ અને લોકશાહીની ગરિમાને ખતમ કરી રહ્યા છે.

# બંગાળમાં NIAની ટીમ સામે FIR

## ધરપકડ કરાયેલા TMC નેતાની પત્ની સાથે મારઝૂડ-દુર્વ્યવહારનો આરોપ

મેદિનીપુર,

બંગાળના પૂર્વ મેદિનીપુર જિલ્લાના ભૂપતિનગરમાંથી ધરપકડ કરાયેલ ટીએમસી નેતા મનોબ્રતા જનાની પત્ની મોની જનાએ NIA અધિકારીઓ વિરુદ્ધ FIR નોંધાવી છે. મહિલાનો આરોપ છે કે NIAની ટીમે તપાસના બહાને તેના ઘરમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ અધિકારીઓ પર ઘરમાં મારપીટ, દુર્વ્યવહાર અને તોડફોડનો આરોપ લગાવ્યો છે.ભૂપતિનગર પોલીસ સ્ટેશનમાં NIA અધિકારીઓ વિરુદ્ધ IPCની કલમ ૩૨૫, ૩૪, ૩૫૪, ૩૫૪(ભ), ૪૨૭, ૪૪૮, ૫૦૯ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના શુક્રવારે ૫ એપ્રિલે મોડી રાત્રે બની હતી. ૨૦૨૨માં થયેલા બોમ્બ બ્લાસ્ટની તપાસ માટે કલકત્તા હાઈકોર્ટના નિર્દેશ પર NIAની ટીમ ભૂપતિનગર પહોંચી હતી. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ બલાઈ ચરણ મૈતી અને મનોબ્રતા જના આ કેસના બે મુખ્ય કાવતરાખોર છે. જ્યારે NIAની ટીમ આરોપીઓની ધરપકડ કરી લઈ જવા લાગી ત્યારે લોકો તેમની સામે લાકડીઓ લઈને ઊભા રહી ગયા હતા. લોકોએ અધિકારીઓના વાહન પર પથ્થરમારો કર્યો હતો. હુમલામાં એક અધિકારીને પણ ઈજા થઈ હતી. જોકે, NIAની ટીમ આરોપીઓને પોતાની સાથે કોલકાતા લઈ ગઈ હતી.

# બાયડન કોકેઈનના નશામાં ભાષણ આપી રહ્યા હતા!


## ડોનાલ્ડ ટ્રમ્પે ડ્રગ ટેસ્ટની કરી માંગ

વોશિંગ્ટન,

ભારતમાં લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષો અને નેતાઓ ભારે ખેંચતાણ ભરી સ્થિતિ છે. આવી જ સ્થિતિ અમેરિકામાં પણ છે. આ વર્ષે અહીં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે જેમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાયડન સામે ઉભા છે. ટ્રમ્પ વિવિધ મુદ્દાઓ પર બાયડનને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ પ્રયાસોના ભાગરૂપે, ટ્રમ્પે હવે બાયડનના ડ્રગ ટેસ્ટની માંગ ઉઠાવી છે.

જો બાયડને ગયા મહિને સ્ટેટ ઓફ ધ યુનિયન ભાષણ આપ્યું હતું. ટ્રમ્પે કહ્યું છે કે સંભવ છે કે રાષ્ટ્રપતિ બાયડન ભાષણ આપતા સમયે ડ્રગ્સના નશામાં હતા. રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે ગુરુવારે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વાત કહી. આ સાથે, ગયા વર્ષે જુલાઈમાં વ્હાઈટ હાઉસમાં કોકેઈન મળી આવ્યાના અહેવાલોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે ભાષણ આપતી વખતે બાયડન ખૂબ જ ચુસ્ત અને સક્રિય દેખાતા હતા. જોકે, ટ્રમ્પે આ દાવા માટે કોઈ નક્કર પુરાવા આપ્યા નથી.

# બોત્સ્વાના રાષ્ટ્રપતિએ જર્મનીને ૨૦,૦૦૦ હાથી મોકલવાની ધમકી આપી !



**જર્મની અમને હાથીઓનો શિકાર નહીં કરવા દેવાની સલાહ આપે છે પણ બોત્સ્વાનામાં હાથીઓના ઝુંડ ખેતીવાડી અને બીજી સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે**

બોત્સ્વાના,


આફ્રિકન દેશ બોત્સ્વાનાના રાષ્ટ્રપતિએ જર્મની પર રોષે ભરાઈને તેમના ત્યાં ૨૦,૦૦૦ હાથી મોકલવાની ધમકી આપી છે. આ નારાજગી પાછળ જર્મનીના પર્યાવરણ મંત્રાલયનું એક સૂચન જવાબદાર છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, જર્મન નાગરિકો અન્ય દેશોમાં જાનવરોનો શિકાર કરે છે. ત્યાર પછી ટ્રોફી તરીકે તેના અવશેષો લઈ આવે છે, જેના પર આપણે તાત્કાલિક રોક લગાવી દેવી જોઈએ.આ અંગે પ્રતિક્રિયા આપતા બોત્સ્વાનાના રાષ્ટ્રપતિ મોકગ્વેત્સી માસીએ કહ્યું છે કે, ‘જર્મની આ પ્રકારનો પ્રતિબંધ મૂકશે તો મારા દેશના લોકો વધારે ગરીબ થઈ જશે. અમારા દેશે હાથીઓના સંરક્ષણ માટે કરેલા પ્રયાસોના કારણે હવે દેશમાં હાથીઓની વસતી બેફામ વધી રહી છે. જર્મનીથી મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓને હાથીઓનો શિકાર કરવાની છૂટ આપવામાં આવે છે. આ કારણસર હાથીઓની વસતી કાબૂમાં રાખવામાં મદદ મળે છે. આ ઉપરાંત બોત્સ્વાનાને જંગી આવક પણ થાય છે. જર્મન પ્રવાસીઓને બોત્સ્વાના હાથી દાંત અને બીજી વસ્તુઓ લઈ જવાની પણ છૂટ આપે છે.’

આ ઉપરાંત માસીએ એમ પણ કહ્યું છે કે, ‘જર્મન લોકોએ પોતાના દેશમાં હાથીઓ સાથે રહેવું જોઈએ. જર્મની અમને હાથીઓનો શિકાર નહીં કરવા દેવાની સલાહ આપે છે પણ આ કોઈ મજાક નથી. બોત્સ્વાનામાં હાથીઓના ઝુંડ લોકોની ખેતીવાડી અને બીજી સંપત્તિને નુકસાન પહોંચાડી રહ્યા છે. સ્થાનિકોને મારી રહ્યા છે. અમે જર્મનીને ૨૦,૦૦૦ હાથીઓ મોકલી આપીશું અને પછી જોઈશું કે જર્મન લોકો તેમની સાથે કેવી રીતે રહે છે.’

આ પહેલા બોત્સ્વાના બ્રિટનને પણ ૧૦,૦૦૦ હાથી હાઈડ પાર્કમાં મોકલી આપવાની ધમકી આપી ચૂક્યું છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજ્યમાં ફરી ગરમીનો પ્રકોપ, ૪૦.૪ ડિગ્રી તાપમાન સાથે મહુવા રાજ્યનું હોટેસ્ટ શહેર



અમદાવાદ,

રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત છે. જેમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન સાથે મહુવા સૌથી ગરમ શહેર રહ્યું છે. તેમજ મોટાભાગના શહેરોમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર ગયુ છે. તથા ૩ શહેરોમાં તાપમાન ૩૯ ડિગ્રીને પાર છે અને ૬ શહેરોમાં તાપમાન ૩૮ ડિગ્રીને પાર રહ્યું છે.

અમરેલીમાં ૩૮.૮, અમદાવાદમાં ૩૮.૧ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૮.૮, કંડલામાં ૩૮.૬ ડિગ્રી તાપમાન છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાન વિશે જોઈએ તો ગાંધીનગર ૩૬.૮ ડિગ્રી, ડીસા ૩૭.૨ ડિગ્રી, વડોદરા ૩૭.૪ ડિગ્રી, સુરત ૩૭.૪ ડિગ્રી, અમરેલી ૩૮.૮ ડિગ્રી, ભાવનગર ૩૯.૫ ડિગ્રી, રાજકોટ ૩૯.૦ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૮.૮ ડિગ્રી, મહુવા ૪૦.૪ ડિગ્રી, ભુજ ૩૭.૫ ડિગ્રી તેમજ કંડલા ૩૮.૬ ડિગ્રી અને કેશોદમાં ૩૭.૯ ડિગ્રી તાપમાન રહ્યું છે.

રાજ્યમાં ફરી એકવાર ઉનાળાની ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. માત્ર બે જ દિવસમાં અમદાવાદ સહિત વિવિધ શહેરમાં મહત્તમ તાપમાનનો પારો અઢીથી સાડા ચાર ડિગ્રી જેટલો ઊંચકાતા બપોરના ગરમી વધી છે. હવામાન ખાતા દ્વારા પ્રસિદ્ધ કરાયેલ વિગતો મુજબ રાજ્યના ૭ શહેરમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. સૌથી વધુ ૪૦.૪ ડિગ્રી તાપમાન સાથે મહુવા રાજ્યનું હોટેસ્ટ શહેર બન્યું છે. છેલ્લા એક સપ્તાહથી રાજ્યમાં ગરમીનો પ્રકોપ સાવ ઘટી ગયો હતો. ત્રણ દિવસથી અમદાવાદ શહેરમાં સતત વાદળછાયું વાતાવરણ રહેતા લોકોને રાહત મળી હતી. પરંતુ બે દિવસથી સતત તાપમનનો પારો ઊંચકાઈ રહ્યો છે. અમદાવાદમાં બે દિવસ પહેલા મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી નોંધાયું હતું જે આજે વધીને ૩૮.૧ ડિગ્રી થઈ ગયુ છે.

# પારુલ યુનિ.ની હોસ્ટેલ પરથી કૂદી વિદ્યાર્થીની આત્મહત્યા

## છેલ્લા ૨ દિવસથી તે ગુમસુમ રહેતો હતો

વડોદરા,

વડોદરાના વાઘોડિયા પાસે આવેલી પારૂલ યુનિવર્સિટીની હોસ્ટેલના છઠ્ઠા માળેથી કૂદીને મ્મ્છના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ આપઘાત કર્યો છે. આ ઘટનાની જાણ થતાં વાઘોડિયા પોલીસ ઘટના સ્થળ દોડી ગઈ હતી અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. મૂળ રાજસ્થાનનો વિદ્યાર્થી અનિલ કેવલરામ પટેલ (ઉ.૧૯) (રહે. ગોગાજી કા થાન, રોહિયન કલા, જી.જોધપુર રાજસ્થાન) પારૂલ યુનિવર્સિટીમાં મ્મ્છના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને છેલ્લા ૮ મહિનાથી અટલ ભવન- બી હોસ્ટેલમાં રહેતો હતો અને છેલ્લા ૨ દિવસથી તે ગુમસુમ રહેતો હતો. તેના મિત્રોએ તેને આ અંગે પૂછતા તેને કંઇ પણ કહ્યું નહોતું.વિદ્યાર્થી અનિલ પટેલ ગત રાત્રે ૩ વાગ્યા સુધી જાગતો હતો અને બેચેન જણાતો હતો, જેથી તેના મિત્રોએ શું ટેન્શન છે, તેમ પૂછ્યું હતું પરંતુ, અનિલ પટેલે કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ તેને મિત્રો સૂઈ ગયા હતા અને વહેલી સવારે ૪.૪૦ વાગ્યે અનિલ હોસ્ટેલના છઠ્ઠા માળેથી કૂદી ગયો હતો અને સ્થળ પર તેનું મોત થયું હતું.આ ઘટનાની જાણ થતાં વાઘોડિયા પોલીસ દોડી ગઈ હતી અને આ મામલે તપાસ શરૂ કરી હતી.

# ભારતમાં ગ્રહણની અસર ના હોવાના કારણે અંબાજી મંદિરમાં પૂજાવિધિ અને દર્શન રાબેતા મુજબ

## ગ્રહણ રાત્રે ૯.૧૨ વાગે શરુ થશે અને ૯ એપ્રિલની વહેલી સવારે ૨.૨૨ સુધી રહેશે

અંબાજી,

વર્ષ ૨૦૨૪માં ચંદ્રગ્રહણ થયા પછી વર્ષનું બીજું ગ્રહણ થવા જઈ રહ્યું છે. જોકે આ વર્ષનું પ્રથમ સૂર્યગ્રહણ હશે. જે ચૈત્રી નવરાત્રિના એક દિવસ પહેલાં થશે. આમ તો જ્યોતિષમાં ગ્રહણનું વિશેષ મહત્વ રહેલું છે પણ આ સૂર્યગ્રહણની ભારતમાં કોઈ જ અસર થશે નહિ. તેના કારણે સૂતક કાળ માન્ય રહેશે નહિ. ૨૦૨૪નું પ્રથમ સૂર્ય ગ્રહણ આવતીકાલ ૮ એપ્રિલે થશે. જે ભારતીય સમય અનુસાર આ ગ્રહણ રાત્રે ૯.૧૨ વાગે શરુ થશે અને ૯ એપ્રિલની વહેલી સવારે ૨.૨૨ સુધી રહેશે.

આ ગ્રહણ ભારતમાં ન દેખાવાના કારણે સૂતક કાળ માન્ય રહેશે નહિ. તેમજ યાત્રાધામ અંબાજી મંદિરની પૂજા અર્ચના સહિત કોઈપણ ધાર્મિક વિધિ ઉપર તેની કોઈ જ અસર થશે નહિ. અંબાજી મંદિરના મુખ્ય ભટ્ટજી મહારાજે આ ગ્રહણને લઈ ખુલાશો કરતા જણાવ્યું હતું કે, ગ્રહણ ભારતમાં ન દેખાવાના કારણે અંબાજી મંદિરની કોઈ જ ધાર્મિક ક્રિયા ઉપર તેની અસર રહેશે નહિં અને દર્શન આરતી સહિત પૂજા પાઠ રાબેતા મુજબ જ રહેશે.

# સોમવારથી રાજ્યની આંગડિયા પેઢીઓ રોકડના વ્યવહારો સદંતર બંધ કરી દેશે

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીની જાહેરાત થયા બાદ ઈલેકશન કમિશર દ્વારા બહાર પાડેલ ગાઈડ લાઈનના પગલે આંગડિયા પેઢીઓએ દ્વારા ગુજરાત સહિત દેશભરમાં રોકડના વ્યવહારો સોમવારથી બંધ કરવાનું નક્કી કર્યુ છે.

તાજેતરમાં ઈક્રમટેક્ષ સહિતની એજન્સીઓ દ્વારા મોટી રકમ જપ્ત કરવાના લીધે રાજયના આશરે ૨૨૦૦ જેટલા આંગડિયા પેઢીઓ દ્વારા સોમવાર એટલે કે, ૮મીથી હવાલાનું કામકાજ બંધ રાખવાનું નક્કી કર્યુ છે.જેના લીધે અમદાવાદમાં દરરોજના આશરે રૂ.૩૦૦ કરોડના રોકડના વ્યવહારો બંધ થવાના લીધે બજારમાં રોકડ રકમની અછત ઉભી થશે. આજે આંગડિયા પેઢીઓ દ્વારા તેમના દરરોજના રોકડના વ્યવહારો કરતા ગ્રાહકોને મેસેજ કરીને સોમવારથી કામકાજ બંધ રાખવાનું સૂચના અપાઈ છે. અમદાવાદ શહેરમાં નાના-મોટા આશરે ૨૦૦થી વધુ આંગડિયા પેઢીઓ આવેલી છે અને ગુજરાતમાં આશરે ૨૨૦૦ જેટલા આંગડિયા પેઢીઓ આવેલી છે. જે દૈનિક કારોબાર આશરે ૩૦૦ કરોડથી વધુનો છે. જેમાં અહીંથી નાણાં મોકલવાનું અને બહારગામથી નાણાં લાવવાનું કામકાજ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણીની જાહેરાત થયા બાદ ઈલેકશન કમિશર દ્વારા બહાર પાડેલ ગાઈડ લાઈનના પગલે આંગડિયા પેઢીઓ દ્વારા મોટી રકમના વ્યવહારો બંધ કરી દેવામાં આવ્યા છે. જેના પગલે પોલીસ સહિતના એજન્સી દ્વારા રોકડ સહિતના વ્યવહારો ઉપર સતત વોચ રાખી રહ્યા છે. ગુજરાતમાં કેટલીક જગ્યાએ આંગડિયા પેઢીઓ પાસેથી રોકડ રકમ મળી આવી હતી.જે ઈક્રમટેક્ષ વિભાગ દ્વારા કબજે કરી દેવાઈ હતી.જેના પગલે રાજયભરના આંગડિયા પેઢીઓ દ્વારા સોમવારથી કામકાજ બંધ કરવાની સુચના આપી દેવામ્ઈ છે. આંગડિયા પેઢીની માલિકે નામ નહીં આપવાની શરતે જણાવ્યુ હતું કે, ગુજરાતમાં વેપારીઓના ધંધાના મોટાભાગના વ્યવહારો રોકડમાં થતા હોય છે. અમદાવાદમાં દરરોજના આશરે ૩૦૦ કરોડના વ્યવહારો થતા હશે,

# અંબાજી દર્શન કરવા જતાં પરિવારને અકસ્માત નડયો પતિ-પત્નીના મોત



અંબાજી,

રાજયમાં રોડ અકસ્માતની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. રોજે રોજ રાજયમાં અકસ્માતના બનાવો બની રહ્યાં છે. બેફામ ડ્રાઈવ, ઓવર સ્પિડ તેમજ આરટીઓ નિયમોના ભંગના કારણે આ બનાવો વધી રહ્યાં હોય તેવું વર્તમાનમાં જણાઈ રહ્યું છે. ત્યારે આજે સાબરકાંઠા અને ભાવનગરમાં અકસ્માતની ઘટનાઓ બની છે. જેમાં સાબરકાંઠાના બનાવામાં પતિ-પત્નીનું મૃત્યુ થયું છે.

સાબરકાંઠાના ઇડર-હિંમતનગર હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં પતિ-પત્નીના કમકમાટી ભર્યા મોત થયા છે. ડ્રાઈવરે કાર પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. અત્રે જણાવીએ કે, વડોદરાનો પરિવાર અંબાજી દર્શન કરવા જતા વચ્ચે જ અકસ્માત નડ્યો હતો. જેમાં પતિ-પત્નીનું મોત થયું છે જ્યારે પરિવારના ચાર લોકોને ઇજા પહોંચતા સારવાર માટે ખસેડાયા છે.

# આણંદમાં બોગસ માર્કશીટથી વિદેશ મોકલવાના કૌભાંડનો થયો પર્દાફાશ

આણંદ,

આણંદ જીલ્લામાંથી વધુ એક બોગસ માર્કશીટ કૌભાંડ ઝડપાયું છે. શિવ ઓવરસીસ કંપનીના સંચાલકો નકલી માર્કશીટ બનાવતા હોવાનો પર્દાફાશ થયો છે. વિદેશ જવાની લાલચ આપી બોગસ માર્કશીટો બનાવ્યું હોવાનું ખુલ્યું છે. આણંદ એસઓજીએ ૨ આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.ગુજરાત રાજયમાં વિદેશ જવાની ઘેલછા ધરાવતા વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓ વિદેશ મોકલવાની લાલસા આપી લાખો રૂપિયા પડાવી રહી છે. ત્યારે આણંદમાં વધુ એક કૌભાંડ ખુલ્યું છે. મળતી માહિતી અનુસાર આણંદ જીલ્લામાં શિવ ઓવરસીસ કંપનીના સંચાલકો નકલી માર્કશીટ બનાવતા હોવાનો પર્દાફાશ થયો છે. સંચાલકો વિદ્યાર્થીઓને વિદેશની શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશન અપાવીશું તેમ જણાવી લાખ રૂપિયા લૂંટી રહી છે.

આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ કરવામાં આવી હતી. આ મામલાની જાણ એસઓજી પોલીસને થતાં ૨ વિદ્યાર્થીઓની ૧૬ જેટલી બોગસ માર્કશીટ હોવાનું ખુલ્યુ છે. તપાસ કરતાં આણંદ ટાઉન પોલીસે ૨ આરોપીઓ અંકિત પટેલ અને ધવલ પટેલની કરી ધરપકડ કરી છે. આગામી દિવસોમાં હજુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# ડમ્પર ચાલકે બે યુવાનોને લીધા અડફેટે, અકસ્માતમાં એકનું મોત

## બાઈક ચાલક આશરે ૧૦ ફૂટ હવામાં ઉછાળ્યો


વડોદરા,

વડોદરામાં બેફામ દોડતા વાહને બે યુવાનોને અડફેટે લીધા હતા. જેમાં એક યુવાનનું કમકમાટી ભર્યું મોત થયું છે જયારે એક યુવકને ગંભીર ઈજા પહોંચી છે.

વડોદરાના લક્ષ્મીપુરા રોડ પર આવેલા સ્વામી વિવેકાનંદ હાઈટ્સ પાસે આ ઘટના બની હતી. જેમાં બેફામ ડમ્પર ચાલકે ટક્કર મારતા બાઈક ચાલક આશરે ૧૦ ફૂટ હવામાં ઉછાળ્યો હતો. સ્થળ પર બે યુવાનો પૈકી એક યુવાનનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત થયું હતું. બીજો યુવાનને હાલ સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ઘટના સ્થળ પર લક્ષ્મીપુરા પોલીસ તેમજ એસીપી બી ડિવીઝન સહિત પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યા હતો. હાલ તો ડમ્પર ચાલકની અટકાયત કરી પોલીસે તપાસ હાથ ધરી છે.

# ગુજરાત યુનિ.એ સાત અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી હાંકી કાઢ્યા



અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીએ સાત વિદેશી વિદ્યાર્થીઓને હોસ્ટેલમાંથી હાંકી કાઢ્યા છે. ત્યારે આ સમગ્ર મામલે યુનિવર્સિટી દ્વારા તપાસ હાથ ધરતા સાત વિદ્યાર્થીઓ ગેરકાયદેસર રહેતા હોવાની વિગતો સામે આવી હતી. જેમાં ગેરકાયદેસર રહેતા તમામ વિદ્યાર્થીઓ અફઘાનિસ્તાનનાં હોવાનું સામે આવ્યું હતું. જે બાબતે અફઘાનિસ્તાન કોન્સ્યુલેટને જાણ કરવામાં આવી હતી. તેમજ આ વિદ્યાર્થીઓ પૂર્વ વિદ્યાર્થી તરીકે હોસ્ટેલમાં રહેતા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું હતું. ત્યારે નમાજ મુદ્દે થયેલા હુમલાને લઈ યુનિવર્સિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો અને તોડફોડની ઘટનામાં બાદ યુનિવર્સિટી દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં યુનિવર્સીટી દ્વારા એનઆરઆઇ વિદ્યાર્થીઓને શિફ્ટિંગ કરવાના આદેશ કરાયો હતો. તેમજ જૂની હોસ્ટેલમાંથી નવી હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને શિફ્ટ કરવામાં આવ્યા હતા. તેમજ એનઆરઆઈ વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને જરૂરી નિર્ણય લેવામાં આવી રહ્યા છે.

# અમદાવાદ શહેરમાં ત્રણ માસમાં એક હજાર મોબાઈલ ફોન ચોરાયા

અમદાવાદ,

શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાંથી ત્રણ મહિનામાં કુલ ૧૦૦૦ જેટલા મોબાઇલ ફોન ચોરી અને ગુમ થયાની ફરિયાદો વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોધાઇ હતી. ત્યારે ટેકનિકલ એનાલિસિસ કરીને સાયબર ક્રાઈમે માત્ર રૂ. ૯.૨૦ લાખના ૯૨ મોબાઇલ જ રીકવર કરી શકી છે. ત્યારે બીજા મોબાઇલ અંગે તપાસ શરૂ કરી છે. જેમાં પોલીસે તેરા તુજકો અર્પણ પ્રોજેક્ટ હેઠળ રિકવર કરેલ મોબાઇલ માલિકોને પરત કર્યા હતા. હાલમાં પોલીસે આની પાછળ કઇ ગેંગ સંકળાયેલ છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરી છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં રોજે રોજ અનેક મોબાઇલ ચોરી અને ગુમ થવાની ઘટના બનતી હોયછે. સાયબર ક્રાઈમે વિવિધ પોલીસ સ્ટેશનોમાંથી વિગતો મંગાવી હતી. જેમાંથી સાયબર ક્રાઈમે ટેકનિકલ એનાલીસીસના આધારે ૯૨ મોબાઇલ રિકવર કર્યા હતા. તેમજ પોલીસે તેરા તુજકો અર્પણ પ્રોજેક્ટ હેઠળ રિકવર કરેલા મોબાઇલ ફેન માલિકોનો સંપર્ક કરીને પરત કર્યા હતા.

# ઉમરાળા ગામે વાડીમાં શ્રમિક પર સિંહનો હુમલો

## હુમલામાં એકઠા થયેલા લોકોએ બૂમાબૂમ કરી અને ગાડીઓના હોર્ન માર્યા ત્યારે સિંહ દૂર હટ્યો





ઉમરાળા,

જૂનાગઢ જિલ્લામાં અવારનવાર જંગલી પ્રાણીઓના હુમલાઓની ઘટના સામે આવે છે. ત્યારે વધુ એક સિંહના હુમલાની ઘટના સામે આવી છે. બીલખાના ઉમરાળા ગામે વાડી વિસ્તારમાં કુદરતી હાજતે ગયેલા શ્રમિક પર સિંહે જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં ગંભીર રીતે ઘવાયેલા શ્રમિકને પહેલા બીલખા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાથી વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ હુમલામાં એકઠા થયેલા લોકોએ બૂમાબૂમ કરી અને ગાડીઓના હોર્ન માર્યા ત્યારે સિંહ દૂર હટ્યો હતો.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ જૂનાગઢ જિલ્લાના બીલખાના ઉમરાળા ગામે વાડી વિસ્તારમાં કામ કરતો શ્રમિક સવારે ૭ વાગે કુદરતી હાજતે ગયો હતો. ત્યારે તેના પર સિંહે હુમલો કર્યો હતો. સિંહના હુમલા જાણ થતાં આસપાસના વાડી વિસ્તારના લોકો એકઠા થઈ ગયા હતા. એકઠા થયેલા લોકોએ વાડીમાલિકને જાણ કરી હતી. વાડીમાલિકે તરત પહોંચીને ગંભીર રીતે ઘાયલ શ્રમિકને સૌપ્રથમ બીલખા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# બીજે લગ્ન થયા પણ પહેલો પ્રેમ ન વિસરાયો, ત્રણ સંતાનોના પિતાએ પ્રેમિકાના ઘરે જઈને ફાંસો ખાધો

સુરત,

જિંદગીમાં ગમે તેવા પ્રેમ હોય, પણ પહેલો પ્રેમ અને બાળપણનો પ્રેમ ક્યારેય ભૂલ્યે ભૂલાતો નથી. બચપનના પ્રેમનો અજીબ કિસ્સો સુરત શહેરથી સામે આવ્યો છે. એક યુવકના બીજે લગ્ન થયા હતા, છતાં તે તેની પહેલી પ્રેમિકાને ભૂલી શક્યો ન હતો. ત્યારે ત્રણ સંતાનના પિતા એવા પ્રેમીએ પ્રેમિકાના ઘરે જઈને તેને બાથરૂમમાં પૂરી દીધી હતી. બાદમાં તેના જ બેડરૂમમાં ફાંસો ખાધો હતો.

સુરતના આ લવ સ્ટોરીની વિગતો એવી છે કે, સુરતના પુણા વિસ્તારમાં રહેતો ૨૬ વર્ષીય યુવક રાહુલ હીરાના કારખાનામાં કામ કરતો હતો. તેના પરિવારમાં પત્ની અને ત્રણ સંતાનો હતા. પરંતુ રાહુલ અન્ય યુવતીના પ્રેમમાં હતો. આ પ્રેમ તેનો બાળપણનો પ્રેમ હતો. પરતું તેમના લગ્નમાં પરિવાર આડે આવ્યો હતો. પ્રેમિકાના પરિવારને રાહુલ પસંદ ન હતો. તેથી તેના પરિવારે સહમતી ન આપતા બંને અલગ થયા હતા, અને બંનેના અલગ અલગ જગ્યાએ લગ્ન થયા હતા. જોકે, લગ્ન બાદ પણ બંને વચ્ચે વાતચીત ચાલુ હતી.

# વડોદરામાં એસઓજીની ટીમે રૂપિયા ૨૨ લાખના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

વડોદરા,

રાજ્યમાં સતત ડ્રગ્સ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ વચ્ચે ભૂતડીઝાપા વિસ્તારમાં એસઓજીના દરોડા પાડ્યા છે અને રૂ. ૨૨ લાખનો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. જેના સાથે જ આ ડ્રગ્સના નેટવર્ક અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી અનુસાર, વડોદરામાં ભૂતડીઝાપા વિસ્તારમાં એસઓજીના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો એસઓજીની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. જેની અંદાજિત કિંમત રૂ. ૨૨ લાખનો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે.

આ સાથે જ નસીર બિલ્ડીંગમાં એસઓજીની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં એસઓજીએ હૈદર નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. જેના સાથે જ ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવ્યો અને તેના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.થોડાં દિવસ અગાઉ કચ્છની નજીક પાકિસ્તાન આવેલું છે અને કયારેક બિનવારસી હાલતમાં ગાંજાના પેકેટ પણ દરિયાકિનારેથી મળી આવે છે.આજે કચ્છ એસઓજીને બાતમી હતી કે ૬૪.૨૦ ગ્રામ હેરાઈન સાથે એક આરોપી ભચાઉ ગાંધીધામ હાઈવે પર આવી રહ્યો છે,ત્યારે શંકાના આધારે તેની અટકાયત કરતા તેની પાસેથી હેરાઈન મળી આવ્યું હતું,આરોપી મૂળ પંજાબનો છે.તો બીજી તરફ ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એક્ટનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

# સુરતમાં આચારસંહિતા ભંગના કેસમાં ડીજીવીસીએલના છ કર્મચારીઓની બદલી



સુરત,

સુરતમાં ચૂંટણીપંચની આચારસંહિતાના ભંગનો મામલો સામે આવ્યો છે. આચારસંહિતાના ભંગના કારણે ડીજીવીસીએલ (દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ)ના છ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. તેમની સામે આચારસંહિતાના ભંગ બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા ડીજીવીસીએલના કર્મચારીઓ સામે ચૂંટણીપંચમાં પરિયાદ કરવામાં આવી હતી. આમ ડીવીજીવીસીએલના બાબુએને ચૂંટણીપ્રચાર કરવો ભારે પડ્યો હતો. આ ઉપરાંત તેઓ ભાજપ ઉમેદવારની કચેરીમાં પણ હાજરી આપી હતી.

ડીજીવીસીએલના કર્મચારી નીરવ દેસાઈને ભરૂચ મોકલવામાં આવ્યા હતાઅને આશિષ પટેલની વ્યારા બદલી કરવામાં આવી હતી. આ સિવાય અન્ય ચાર કર્મચારીઓની પણ જિલ્લા બહાર બદલી કરવામાં આવી હતી. આમ ગુજરાતમાં આચારસંહિતા ભંગનો લંભવતઃ આ પહેલો કેસ નોંધાયો છે.

# ઉંઝામાંથી ચાર નકલી જીરૂં બનાવતી ફેકટરી ઝડપાઈ



મહેસાણા,

રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે.

રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે વખતો વખત કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે. તાજેતરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મુખ્ય મથક, ગાંધીનગર અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસાણા વર્તુળ કચેરીની સંયુક્ત ટીમો દ્વારા ઊંઝા તાલુકામાં તા. ૦૪/૦૪/૨૦૨૪ ના રોજ ઉનાવા, ઐઠોર અને મક્તુપુર ગામોમાં જીરૂ અને વરિયાળીનું ક્લીનીંગ-શોર્ટીંગ કરતી વિવિધ ફેક્ટરીઓ અને તેના ગોડાઉન માં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટમાં ટ્યુશન કલાસ સંચાલક મંડળ સામે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ મેદાનમાં : વધારાનું શિક્ષણ કાર્ય એ ગુનો નથી

## એસો. દ્વારા રેડ કે ધાડ મારવાની ગેરકાયદે પ્રવૃતિ કરવામાં આવશે તો એમના ઉપર કાયદેસરના પગલાં લેવામાં આવશે

રાજકોટ:

રાજકોટ ટ્યુશન કલાસીસ એસોસિએશન અને ગુજરાત ટ્યુશન એસોસિએશન દ્વારા રાજકોટના જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીને આવેદનપત્ર આપી અને જુદી જુદી શાળાઓના નામ સાથે, જ્યાં વધારાના શિક્ષણ કાર્ય ચાલે છે, એનો વિરોધ નોંધાવતુ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેના અનુસંધાને સ્વનિર્ભ શાળા સંચાલક મંડળ રાજકોટ દ્વારા ખાસ સ્પષ્ટતા કરવામાં આવે છે કે જ્યારે શાળા કોઈ પણ વિદ્યાર્થીને વધારાના શિક્ષણ કાર્ય માટે બોલાવે છે, ત્યારે વિદ્યાર્થી અને વાલીની સંમતિ સાથે બોલાવે છે. આ ઉપરાંત વિદ્યાર્થી વધારે સારો અભ્યાસ કરી શકે, બોર્ડની પરીક્ષામાં વધુ સારા માર્કસ સાથે ઉત્તમ દેખાવ કરે અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સારું પ્રદર્શન કરી શકે એ ઉદેશ્યથી આ વધારાનો અભ્યાસ કરાવવામાં આવતો હોય છે, જેનાથી કોઈપણ પ્રકારનો ગુનો બનતો નથી.

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ અને જાણીતા શિક્ષણવિદ ડી. વી. મહેતા એ અખબારી યાદીના માધ્યમથી સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ગઈકાલે જે પ્રકારે કડવીબાઈ વિરાણી સ્કૂલમાં ટ્યુશનના સંચાલક મિત્રો દ્વારા રેડ કરવામાં આવી, ધાડ મારવામાં આવી એ સંપૂર્ણપણે ગેરકાયદેસર અને અનઅધિકૃત છે. કોઈપણ શાળામાં આ પ્રકારનો વ્યવહાર અને વર્તન જો ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ કે એસોસિયેશન દ્વારા કરવામાં આવશે તો એમના ઉપર શાળા દ્વારા અને સ્વનિર્ભ શાળા સંચાલક મંડળ દ્વારા કાયદેસરના પગલાં લેવામાં આવશે અને તેનો સખત વિરોધ કરવામાં આવશે.

રાજકોટ અને ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના તમામ હોદ્દેદારો, તમામ કોર કમિટીના મિત્રો, કારોબારીના મિત્રો, તેમજ ૫૦૦ થી વધારે શાળાઓના સંચાલક મિત્રો, આ ગઈકાલની ઘટનાને એક જ સુરે વખોડે છે અને ભવિષ્યમાં આ પ્રકારના કોઈ પણ વિરોધને શાળાકીય કક્ષાએ સાખી લેવામાં આવશે નહીં. કારણ કે કોઈપણ શાળા ઉપર પગલાં લેવાનો અધિકાર જે-તે સરકારી સંસ્થા કે સરકારી વ્યવસ્થા તંત્રના અધિકૃત અધિકારીનો છે, કોઈપણ વ્યક્તિ કે કોઈપણ ખાનગી એસોસિએશનને આ અધિકાર સંપૂર્ણપણે નથી, તેવું સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટનું દ્રઢતા પૂર્વક અને સ્પષ્ટ પણે માનવું છે. આ ઘટનાનો વિરોધ રાજકોટ જીલ્લાના પ્રમુખ શ્રી ડી. વી. મહેતા, મહામંત્રી શ્રી પરીમલભાઈ પરડવા, મહામંત્રી શ્રી પુષ્કરભાઈ રાવલ, ઉપપ્રમુખ શ્રી અવધેશભાઈ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી. કે. વડોદરીયા, ઉપપ્રમુખ શ્રી સુદિપભાઈ મહેતા, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર શ્રી જયદિપભાઈ જલુ, શ્રી મેહુલભાઈ પરડવા, શ્રી વિપુલભાઈ પાનેલીયા, શ્રી સંદીપભાઈ છોટાળા, રાજય મહામંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ ગાજીપરા, મહામંડળના રાજકોટ ઝોનના પ્રમુખ શ્રી જતીનભાઈ ભરાડ, મહામંત્રી શ્રી અજયભાઈ પટેલ સહીત રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના તમામ ઝોનના ઉપપ્રમુખો, સંચાલક મંડળની કોર કમિટીના તમામ સદસ્યો, કારોબારી સમિતિના તમામ સદસ્યો, રાજકોટ જિલ્લાની તમામ શાળાના સંચાલકો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

# રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ઈ.વી.એમ.મશીનની પહેલું રેન્ડમાઈઝેશન પૂર્ણ

## ૮ વિધાનસભા મત વિસ્તારના બી.યુ., સી.યુ.,વી.વી.પેટ. ની આજે આવતીકાલે ફાળવણી



રાજકોટ,

આગામી લોકસભા - ૨૦૨૪ ચૂંટણી અન્વયે ગુજરાતમાં ૭ મે ના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. જેની પ્રક્રિયાના ભાગ રૂપે આજરોજ કલેકટર અને જિલ્લા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની અધ્યક્ષતામાં ઈ. વી.એમ. મશીનની પહેલી રેન્ડમાઈઝેશન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

રાજકીય પક્ષોના આગેવાનોની ઉપસ્થિતિમાં કલેકટર ઓફિસ ખાતે ફર્સ્ટ રેન્ડમાઈઝેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ૬૮ થી ૭૫ વિધાનસભા મત વિસ્તારના ૨૨૩૬ બુથ માટે જરૂરી ઈ.વી.એમ. ની ફાળવણી માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અધિક ચૂંટણી અધિકારી શ્રી એન.કે.મુછારના જણાવ્યા અનુસાર ૧૨૫ % બેલેટ યુનિટ (બી.યુ.) તેમજ કંટ્રોલ યુનિટ (સી.યુ.) અને ૧૩૫ % વી.વી.પેટ. મશીન સંબંધિત વિધાનસભા વિસ્તારમાં આવતી કાલે વેર હાઉસમાંથી રવાના કરવામાં આવશે.

આ તકે નિવાસી અધિક કલેકટર શ્રી ચેતન ગાંધી, મામલતદાર ચૂંટણી શ્રી એમ.ડી. દવે, નાયબ મામલતદાર શ્રી વિક્રમસિંહ ઝાલા સહીત ચૂંટણી સંલગ્ન સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# રાજકોટ જિલ્લામાં વોટર હેલ્પલાઈન ઉપર આવેલી ૬૩ ફરિયાદોનું સમયસર નિવારણ

રાજકોટ ,

રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી, પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં વિવિધ કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર ત્રિવિધ રીતે કામગીરી કરી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈને અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૬૩ ફરિયાદો આવી છે, જેનો સમયસર નિકાલ કરી નાખવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૦૩, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૫, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૨, ૭૨-જસદણમાંથી ૦૨, ૭૫-ધોરાજીમાં ૦૧ તથા અન્ય એક મળીને ૧૪ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરી દેવાયો હતો.

જ્યારે જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ હેલ્પલાઈન પર ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૨, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૩, ૭૪-જેતપુરમાંથી ૦૨, મળીને સાત ફરિયાદો મળી હતી. જેનો સકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સી-વિજિલ પર સૌથી વધુ ફરિયાદો મળી છે. જેમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૩, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૧૧, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૩, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૧૧, ૭૨-જસદણમાંથી ૦૧, ૭૩-ગોંડલમાંથી ૧૧, ૭૪-જેતપુરમાંથી ૦૨ મળીને ૪૨ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

આમ આ ત્રણેય પ્લેટફોર્મ પર ૧૬ માર્ચથી અત્યાર સુધીમાં કુલ ૬૩ ફરિયાદો મળી હતી. જેમાં સૌથી વધુ ફરિયાદો સી-વિજિલ પર મળી છે. આ તમામ ફરિયાદોનું નિવારણ કરી નાંખવામાં આવ્યું છે.

# રાજકોટ પૂર્વ વિધાનસભા મતવિસ્તારમાં વોર્ડ ઓફિસરોની ઘરે-ઘરે મુલાકાત : મતદારોને જાગૃત કર્યા

રાજકોટ,

લોકશાહીના મહાપર્વ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં રાજકોટ જિલ્લાના વધુને વધુ મતદારો મતદાન કરી પોતાની નૈતિક ફરજ બજાવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમ અને ઘરે-ઘરે રૂબરૂ મુલાકાત લઈ લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ૬૮- રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશ્રીબેન વંગવાણીના માર્ગદર્શન અંતર્ગત, મામલતદાર રાજકોટ પૂર્વ દ્વારા મતદાર



જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આ ઝુંબેશ હેઠળ રાજકોટના લોકો કોલોની, કોન્સ્ટિટયુશન કોલોની તથા આર.ઓ.બી. કવાર્ટર્સ વિસ્તારમાં વોર્ડ ઓફિસરશ્રી દ્વારા ઘરે- ઘરે મુલાકાત લઈ મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા. મતદારોને મતદાન વિશેની સમજૂતી આપી, ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી તેમ મામલતદારશ્રી રાજકોટ પૂર્વની યાદીમાં જણાવાયું છે.

# ઓખા-ગોરખપુર એક્સપ્રેસ પુનઃસ્થાપિત: ૧૨ મે સુધી ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

રાજકોટ,

પશ્ચિમ મધ્ય રેલવેના બીના સ્ટેશન પર મેન્ટેનન્સ ના કામને કારણે, ઓખા-ગોરખપુર અને ગોરખપુર-ઓખા એક્સપ્રેસ, જેઅગાઉ ૧૨ મે, ૨૦૨૪ સુધી રદ કરવામાં આવી હતી, તે હવે રદ થવાને બદલે આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

આંશિક રીતે ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડનારી ટ્રેનોઃ

ટ્રેન નં. ૧૫૦૪૬ ઓખા-ગોરખપુર એક્સપ્રેસ ૧૪.૦૪.૨૦૨૪, ૨૧.૦૪.૨૦૨૪, ૨૮.૦૪.૨૦૨૪, ૦૫.૦૫.૨૦૨૪ અને ૧૨.૦૫.૨૦૨૪ ના રોજ અને ટ્રેન નં. ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ ૧૧.૦૪.૨૦૨૪, ૧૮.૦૪.૨૦૨૪, ૨૫.૦૪.૨૦૨૪, ૦૨.૦૫.૨૦૨૪ અને ૦૯.૦૫.૨૦૨૪ ના રોજ રદ થવાને બદલે, તે હવે આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ વાયા મકસી, ગુના અને ગ્વાલિયર થઈને પર દોડશે. આ ટ્રેનો જ્યાં નહીં જાય તેમાં અશોક નગર, મુંગાવલી, બીના અને વીરાંગના લક્ષ્મીબાઈ (ઝાંસી) સ્ટેશનનો સમાવેશ થાય છે. રેલવે મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# વેરાવળમાં સ્વામી લીલાશાહ મહારાજની ૧૪૪મી જન્મ જયંતિ ઉત્સવ ઉજવાયો

વેરાવળ,

વેરાવળમાં સ્વામી લીલાશાહ મહારાજની ૧૪૪મી જન્મ જયંતી મહોત્સવ નિમિત્તે વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. જેમાં જનરલ ચેકઅપ, ડેન્ટલ ચેકઅપ, બ્લડ ડોનેશન કેમ્પ તથા થેલેસેમીયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જનરલ ચેકઅપમા ૬૨, ડેન્ટલ ચેકઅપમા ૬૦, બ્લડ ડોનેશનમા ૩૧ યુનિટ તેમજ થેલેસેમીયા ટેસ્ટમાં ૮૫ લોકોએ લાભ લીધો હતો.



સ્વામી લીલાશાહ ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ ડોડેજા, ટ્રસ્ટીઓ હિરાણીભાઈ, કેશુભાઈ ભંભાણી, ચનાભાઈ લાલવાણી, રાજુભાઈ નાથાણી, શ્યામભાઈ નાથાણી, પ્રોજેકટ ચેરમેન તુલસીભાઈ કારીયા સહીતનાએ આયોજન અને વ્યવસ્થા કરી હતી.

જનરલ ચેકઅપમા ડો.હરેશ લાલવાણી, ડેન્ટલ ચેકઅપમા ડો.લિપ્સા લાલવાણીએ સેવા આપી હતી. બ્લડ ડોનેશન તેમજ થેલેસેમીયા ટેસ્ટ માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગીર સોમનાથ જિલ્લા શાખાના ચેરમેન કિરીટભાઈ ઉનડકટ, કમિટીના સભ્યો પરાગભાઈ ઉનડકટ, ગીરીશભાઈ ઠક્કર અને અનિષભાઈ રાચ્છે આયોજન કર્યું હતું. રેડ ક્રોસ સ્ટાફ સભ્યો નિખીતા બોરીચા, યોગેશ સોલંકી, રસિક ગૌસ્વામી, પાયલ ભારાવાલા, ધવલ સિંધલ, સુરેશ બાંભણિયા, રોનક શર્મા, મગનભાઈ સહીતના સેવામાં જોડાયા હતા.

# વિંછિયાના ગુંદાળા જસમાં મતદારોને જાગૃત કરવા યોજાઈ ખાટલા બેઠક

રાજકોટ,

ચૂંટણી એ લોકશાહીનું પર્વ અને દેશનો ગર્વ છે. હાલ લોકસભાની ચૂંટણી આવી પહોંચી છે ત્યારે વધુમાં વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીની પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.



જે અંતર્ગત વીંછિયા તાલુકાના ગુંદાળા જસ ગામે જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને વિશેષ ખાટલા બેઠક યોજવામાં આવી હતી. આ ગામમાં પુરુષ મતદારોના પ્રમાણમાં મહિલાઓનું મતદાન ઓછું હોય છે, ત્યારે ખાટલા સભામાં "મતદાર જાગૃતિ તથા ચૂનાવી પાઠશાળા" કાર્યક્રમ થકી તમામ નાગરિકોને મતાધિકાર અંગે જાગૃત કરીને, આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં બહેનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ આ કાર્યક્રમમાં સૌને મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં જસદણના પ્રાંત અધિકારી સુશ્રી ગ્રીષ્મા રાઠવા, વિંછીયા તથા જસદણના મામલતદારશ્રી, વિંછીયાના તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળની સોમનાથ સંસ્કૃત યુનિ. ખાતે વાર્ષિકોત્સવ યોજાયો




વેરાવળ,

વેરાવળમાં આવેલ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે વાર્ષિકોત્સવ તેમજ પૂર્વ છાત્ર સંમેલન યોજાયેલ હતું. જેમાં અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાન્ત કુમાર સેનાપતિ, મુખ્ય અતિથિ તરીકે સ્વામી અભિષેક બ્રહ્મચારીજી, વિશિષ્ટ અતિથિ તરીકે યુવા ચેતનાના અધ્યક્ષ રોહિતકુમાર સિંહ, કુલસચિવ ડોદશરથ જાદવ, અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ પ્રો વિનોદ કુમાર ઝા, પ્રાચાર્ય ડો.નરેન્દ્ર કુમાર પંડ્યા, પ્રો લલિત કુમાર પટેલ, સંયોજક તરીકે ડો જીગરભાઈ ભટ્ટ સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે દીપપ્રજવાલન અને મંગલાચરણ કરવામાં આવ્યું. ત્યારબાદ ડો જીગરભાઈ ભટ્ટ દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી યુનિવર્સિટીની વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવેલ ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

વાર્ષિકોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા જેમાં ગીત, યોગપ્રદર્શન તથા નાટક રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ તથા પૂર્વ છાત્રોના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. આ તકે પ્રાસંગિક ઉદબોધનમાં ડો.દશરથ જાદવે યુનિવર્સિટીના છાત્રોની સર્વવિધ પ્રગતિને વધાવવામાં આવી.

# રાજકોટ સંસદીય મતવિસ્તાર માટે શ્રી માધબચંદ્ર મિશ્રાની ખર્ચ નિરીક્ષક તરીકે નિમણૂંક

રાજકોટ,

ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે.આ અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે કલેક્ટર કચેરી દ્વારા અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ છે. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાના ખર્ચ પર નિરીક્ષણ કરવા ૨૦૦૪ની બેચના આઈ.આર.એસ. માધબ ચંદ્ર મિશ્રાની ૧૦- રાજકોટ સંસદીય વિસ્તારના ખર્ચ નિરીક્ષક તરીકે નિમણૂંક કરાઈ છે.

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સંભવિત ઉમેદવારો કે રાજકીય પક્ષો તરફથી ચૂંટણી સભા,રેલી વગેરેના આયોજન અનુસંધાને મંડપ, સ્ટેજ, ફર્નિચર અને આનુસંગિક આઈટમ જેવી કે સાઉન્ડ સિસ્ટમ, ટીવી વગેરેનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરવામાં આવશે, સાથે સમાચારપત્રો, ઈલેક્ટ્રોનિક મીડિયા વગેરે મારફત જાહેરાત તથા પ્રચાર - પ્રસાર સભામાં ચા - નાસ્તો, ભોજન તથા રાજકીય પક્ષો દ્વારા હેલિકોપ્ટર - એરક્રાફટનો અને ઉમેદવારો-રાજકીય પક્ષો તરફથી ચૂંટણી સભા અન્વયે વાહનો ભાડે મેળવી ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ સૌ વસ્તુઓના ભાવ નિશ્ચિત કરવામાં આવેલ છે ત્યારે દરેક ઉમેદવાર ચૂંટણી આચાર સંહિતાનું પાલન કરે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શી તેમજ નિયમાનુસાર પૂર્ણ થાય તે હેતુ સહ શ્રી માધવ ચંદ્ર મિશ્રા ૧૦- રાજકોટ સંસદીય વિસ્તાર પર દેખરેખ રાખશે.

# રાજકોટ શહેરમાં ઓછું મતદાન ધરાવતા વિસ્તારોમાં પેમ્ફલેટ વિતરણ અને કાર્યક્રમો યોજાયા

રાજકોટ,

લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુસંધાને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં નેતૃત્વ હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૬૮ રાજકોટ પુર્વ વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી રાજેશ્રી વાંગવાણીનાં માર્ગદર્શન અનુસાર રાજકોટના ૫૦% કરતા ઓછું મતદાન થયેલ હોય તેવા વિસ્તારોમાં ખાસ મતદાતા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.



કુબલિયાપરા, શેરી નં.૩,૫,૬ સ્લમ વિસ્તારમાં તેમજ ગોપવંદના હોકર્સ ઝોન, વોર્ડ નં. ૧૮ વિસ્તારમાં મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં, જેમાં રહેવાસીઓને મતદાન પ્રક્રિયા અંગે સમજૂતી આપવામાં આવી હતી તથા તેમની મતદાનની પવિત્ર ફરજની યાદ અપાવી આગામી લોકસભા ચૂંટણીમાં તા.૭ મે ના રોજ અવશ્ય મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત, મતદાર જાગૃતિ અંગેના પેમ્ફલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ગુજરાતના રાજકીય જંગમાં ભૂતકાળની ભૂમિકા

લોકસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ઉમેદવારોની પસંદગીના કળશ ઢોળાઈ રહ્યા છે. ભાજપ કોઈ પણ ક્ષણે કોઈ પણ પડકાર ઝીલવા માટે સજ્જ છે પરંતુ કોંગ્રેસ અને આમ આદમીની પાર્ટીના નેતાઓ પોતાના પક્ષના ઉમેદવારોમાં હજી ગૂંચવાયેલા છે. કોંગ્રેસ માને છે કે પોતાના પક્ષના સારા સારા નેતાઓ સામે છાવણીમાં જઈને બેઠા છે ત્યારે ભાજપના ઝંઝાવવા સામે કોને ચૂંટણીના મેદાને જંગ માં ઉતારવા તેની ગડમથલ હજી ચાલી રહી છે ત્યારે ગુજરાતના રાજકીય ભૂતકાળમાં ડોકિયું કરવું આજના સંદર્ભમાં જરૂરી છે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં કોંગ્રેસના મોટા નેતા અર્જુન મોઢવાડિયા ભાજપમાં જોડાઈ ગયા હતા. મોઢવાડિયા કોંગ્રેસના પૂર્વ પ્રદેશાધ્યક્ષ તથા ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પદે પણ રહ્યા હતા. તેઓ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપના વાવાઝોડામાં પણ પોરબંદરની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા.

જોકે, આ પહેલો પ્રસંગ નથી કે કોંગ્રેસમાં આંતરિક ફાંટ પડી હોય. રાજ્યની સ્થાપનાના પ્રારંભિક વર્ષોમાં જ એવું બન્યું હતું કે કોંગ્રેસના મુખ્ય મંત્રી પાર્ટીથી અલગ થઈને જનતા મોરચા સાથે મળી ગયા હતા.ચીમનભાઈનો જન્મ બ્રિટિશ શાસન દરમિયાન તા. ૩ીજી જૂન ૧૯૨૯ના દિવસે સાધારણ ખેડૂત પરિવાર જીવાભાઈ તથા રેવાબહેનને ત્યાં સંખેડામાં થયો હતો. સોળેક વર્ષની ઉંમરથી જ વિદ્યાર્થીકાળમાં તેમણે રાજકારણમાં રસ લેવાનું શરૂ કરી દીધું હતું. સંખેડાના ગાંધીવાદી નેતા અને સ્વતંત્રતા સેનાની ડો. જેઠાલાલ પારેખે તેમનું ઘડતર કર્યું હતું. અહીં ચીમનભાઈએ નેતૃત્વ, સંગઠન અને વ્યવસ્થાપનના પાઠ ભણ્યા. સારી રીતે શાળાકીય શિક્ષણ પૂર્ણ કરીને ઉચ્ચશિક્ષણ માટે તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વાટ પકડી.

આ અરસામાં તેમણે વણિક વૈષ્ણવ પરિવારનાં ઉર્મિલાબહેન પટેલ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. વિનયન શાખામાં સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવી અને વિદ્યાર્થીલક્ષી રાજકારણમાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કર્યું. આ અરસામાં પણ તેમણે વિદ્યાર્થી હડતાલને સફળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

સારી શૈક્ષણિક પકડને કારણે જ્યાં ભણતા હતા, ત્યાં જ તેમને વ્યાખ્યાતા તરીકે ભણાવવાની નોકરી મળી ગઈ. તેઓ કોંગ્રેસમાં અલગ-અલગ ભૂમિકા ભજવતા રહ્યા. આ અરસામાં બોમ્બે પ્રેસિડન્સીમાંથી ગુજરાત બન્યું. શિક્ષણનો ફેલાવો થાય અને વિદ્યાર્થીઓને હાલાકી ન પડે તે માટે તેઓ અને શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક બન્યા.

વર્ષ ૧૯૬૦માં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ અમદાવાદમાં આર્ટ્સ કોલેજની સ્થાપના કરી હતી. ૧૯૬૭માં કોંગ્રેસની ટિકિટ મળી ત્યારે તેઓ આ કોલેજમાં આચાર્ય હતા. ચીમનભાઈ તેમના વતન સંખેડામાંથી ધારાસભ્ય ચૂંટાઈ આવ્યા અને હિતેન્દ્ર દેસાઈ સરકારમાં ઉદ્યોગમંત્રી બન્યા. ઇંદિરા ગાંધીની કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ એમ બે ભાગ પડ્યા, ત્યારે દેસાઈએ તેમના રાજકીય ગુરૂ મોરારજીભાઈ સાથે રહેવાનું નક્કી કર્યું.

# સ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક

અંગ્રેજની ગુલામી દરમ્યાન પરંપરાગત કૃષિ વ્યવસ્થાના સ્થાને માનસિક દબાણથી ઘેરાએલ નોકરીયાત-વિભક્ત સમાજ તૈયાર થતા સમાજ કુપોષણ, વ્યસન, રોગચાળો, નિરક્ષરતા, સ્વાતંત્ર્યના અભાવ સાથે ગરીબાઈમાં ઢસડાઈ ગયો. પરિણામે ભારત આઝાદ થયું ત્યારે હિંદુસ્તાનીઓનું સરેરાશ આયુષ્ય ૩૮ વર્ષ થઈ ગએલુ. અંગ્રેજોની સમાજ વ્યવસ્થાને છીન્ન-ભિન્ન કરવાની રાજકીય ચાલનાં કારણે ૧૯૪૮મા, ૩૮ કરોડ દેશવાસીઓની વસ્તીમાં ૬૦ વર્ષથી મોટા નાગરિકોની સંખ્યા ૧.૨૦ કરોડ માત્ર હતી તેવું પ્રથમ પંચવર્ષીય યોજનાનાં મુસદ્દામાં વાચવા મળે છે.

પરંતુ સ્વતંત્ર ભારતનાં લોકશાહી તંત્રમાં ભારતીય સમાજનું ચિત્ર બદલાયુ છે. ૧૯૫૧મા ૧૦૦ની વસ્તીએ ૬ વૃધ્ધોની સંખ્યા હતી તે વર્ષ ૨૦૨૧માં ૧૪ ની થઈ છે. રોગ પ્રતિકારક રસી, લાઈફ સેવિંગ ડ્રગ્ઝની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધી, વિકસિત આરોગ્ય વિજ્ઞાન, શિક્ષણ, પોષકઆહાર પ્રત્યે જાગૃતિ તથા બંધારણે આપેલ નાગરિક સ્વાતંત્ર્યના કારણે આજે વર્ષ ૨૦૨૦નાં સેન્સસ પ્રમાણે વસ્તીવૃદ્ધિ દર ૨.૬૬% એ સ્થિર થયો છે. તથા સરેરાશ ૭૨ વર્ષની આયુએ પહોંચેલા વૃદ્ધોની સંખ્યા ૩.૮૫% એ પહોંચી છે જે કંઈક અંશે સમૃદ્ધ લોકશાહીનું દર્શન આપે ?.

આઝાદીનાં ૭૫ વર્ષ દરમિયાન શિક્ષણ, રોજગારી, માળખાગત સુવિધાથી માંડી અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર અનુકૂળ સ્થિતિ સર્જાઈ છે; તો સિક્કાની બીજી બાજુએ શહેરીકરણના કારણે ટ્રાફિક સમસ્યા, નાના આવાસ, અસહ્ય મોંઘવારી, રોગની અત્યંત ખર્ચાળ સારવાર, વિભક્ત અને નાના કુટુંબ. પ્રકારે કેટલીક વિપરિત પરિસ્થિતિ ભારતીય સમાજે સ્વીકારવી પડી છે. આમ છતાં, આઝાદી પછી જન્મેલા અને અમૃતવર્ષનો આનંદ લેતા વયસ્કો પાસે તો શિક્ષણ છે, પોતાની નિવૃત્તિને મ્હાણવા જોગ પૈસા છે, સારૂ સ્વાસ્થ્ય છે, સ્વતંત્ર વિચારસરણી છે. આથી આજે ૬૦ વર્ષ વટાવી ચુકેલા સીનીયર સીટીજનોને આઝાદી પૂર્વે ઘરડા લોકોની વ્યથા સહન કરવી પડતી નથી જે આનંદદાયક બને છે.

આ સ્થિતિમાં ગુજરાતમાં સક્રીય તેવા ૨૨૮ વૃદ્ધાશ્રમોના વડિલો ઉપર થયેલા અભ્યાસથી કલિત થાય છે કે, વૃદ્ધાશ્રમમાં રહેવા માટે મજબુર વડિલો, શારીરિક રીતે રોગગ્રસ્ત હાલત ધરાવે છે મનથી ભાંગી ગયાનું જણાય છે. વૃદ્ધાશ્રમમાં રહેવા છતા સ્વતંત્ર રીતે નિર્ણય લઈ ક઼ઃૃજીઈંજીઉૈંં જીન્છદ્બટ્ઠૈં નાનકભાઈ ભટ્ટ નાનકભાઈ ના લેખ઼ઃસ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે..

શકતા નથી. સામાજિક અનુકૂલન સાધવામાં નિષ્ફળ માણસને જ વહુ-દિકરાઓ વૃદ્ધાશ્રમમાં મૂકી જાય છે, તેવા પરંપરાગત ખ્યાલના લીધે વૃદ્ધાશ્રમનાં આશ્રમવાસીઓ પોતાને અસામાજિક અન્યાયનો ભોગ બનેલ જાણી સ્વ પ્રત્યે સતત હિનભાવ અનુભવે છે. મજબુરીથી કે પછી લાગણીવશાત પોતાના સંતાનોને સઘળી સંપતિ સોંપી દીધી હોય અને કુટુંબે વડિલોની હિસ્સેદારીનો કાંકરો કાઢી નાખ્યો હોય છે ત્યાં વડિલને પોતાની મુર્ખામીનો કીડો સતત ખોતર્યા કરે છે. પીડા આપ્યા કરે છે. યુવાનીમાં કોઈ વ્યસન કે અયોગ્ય જીવનપદ્ધતિની ફળશ્રૃતિ તરીકે માંદગી સહેતા વડિલો પણ દુર્દશામાં ધકેલાય છે અને વૃદ્ધાશ્રમોમાં પણ પોતે બોજારૂપ છે તેવા ભાવથી પીડાય છે. વડિલ પોતાને અસુરક્ષિત અનુભવે છે.

જો કે પોતાની યુવાનીમાં કલા, સાહિત્ય, તબીબી સેવા કે માનવસેવાના કોઈ ગમતા ક્ષેત્રમાં જાતને જોડી રાખવાની સક્ષમતા ધરાવતા વડિલો પોતાને નિરર્થક, અવરોધરૂપ કે બોજારૂપ જાણતા નથી તે અવલોકન આશાસ્પદ બને છે.

સર્વેક્ષણ અનુસાર વૃદ્ધાશ્રમમાં વડિલોને આવવાના કારણો અને તેમની સામાજિક સ્થિતિ વિશે જમીની હકીકત એ છે કે, (૧) જે વડિલો પોતાની આવકનો સ્વતંત્ર સ્ત્રોત ગુમાવે છે તેઓનું પછીથી કુટુંબમાં માન-સન્માન જળવાતું નથી. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૭૦% વડિલો માટે આ હકીકત લાગુ પડે છે.

(૨) એક સમયે પોતે સ્વતંત્ર રીતે ધંધો કરી આવક મેળવતા વડિલો પોતાના સંતાનોને ધંધો સોંપી દે છે. તે પછી સંતાનો જે રીતે ધંધો આગળ ખેંચે છે તેથી વડિલોને સંતોષ હોતો નથી. કુટુંબમાં મતભેદ ઊભા થાય છે અને વડિલ પૈસા અને કુટુંબ બંનેથી દૂર થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૫૬% વડિલોના વૃદ્ધાશ્રમના નિવાસનું આજ કારણ છે.

(૩) મા-બાપે પેટે પાટા બાંધી રાત્રે ઉજાગરા વેઠી દિકરાને ઉછેર્યો હોય ને મોટો થતા દિકરો વહુનો થઈ જાય છે. ત્યારે મા ને ભારે આઘાત પહોંચે છે. જોકે દિકરો તો વહુનો જ રહે છે પણ મા વૃદ્ધાશ્રમની અંતેવાસી થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતી ૮૦% બહેનો માટે આ સ્થિતિ કારણભૂત છે.

(૪) જે કુટુંબમાં મા અને બાપ બંને નોકરી કરતા હોય છે ત્યાં બાળઉછેરમાં કૌટુંબિક સમાયોજનનો એક ખાલીપો વિકસતો હોય છે અને મોટી ઉંમરે કોઈ કારણસર મા-બાપને વૃદ્ધાશ્રમમાં રહેવાની સ્થિતિ આવે તો નોકરીઆત મા-બાપનું બાળક અલગ રહેવાની વાત પ્રત્યે આઘાત નથી અનુભવતું. આ વાત વૃદ્ધાશ્રમમાં આવતા ૪૪% વડિલો માટે જમીની હકીક્ત બને છે.

(૫) વડિલોને ચેપી રોગ હોય, કોઈ ગંભીર બીમારી હોય, શરીરે ખોડ-ખાંપણ હોય અને સંતાનો તેની કાળજીના ખર્ચને પહોંચી શકે તેમ ન હોય તો આવા વડિલો કુટુંબનું બહાનુ કાઢીને વૃદ્ધાશ્રમમાં રહેવા આવી જાય છે. આવી સ્થિતિ ૩૮% વૃદ્ધોમાં જોવા મળે છે. ગામડાઓમાં સ્થપાતા વૃદ્ધાશ્રમોના અભ્યાસમાં જણાયું છે કે, ભાભા ખેતરે રખોપુ કરવામાં, પશુ સંભાળમાં કુટુંબને સહકાર ન આપે ને ચોરે બેસી તંબાકું, ગાંજો કે દારૂની લતે ચડયા હોય તો ગામ આખું ભેગું થઈ તેને આશ્રમે મૂકી આવે છે. આવા કારણો ૧૦% વડિલો માટે સાચા ઠરે છે.

(૬) એકથી બે બાળકો, નોકરી ધંધા વશાત બાળકોનું પરદેશમાં રહેવું, મુંબઈ-મદ્રાસ-કલકતા જેવા શહેરોમાં ગીચ અને નાના આવાસની સમસ્યા, તેમ અશિસ્તભર્યા ટ્રાફિકના લીધે વડિલોને અકસ્માતનાં ભયના કારણો વૃદ્ધો કૌટુંબિક સમન્વય છતાં, શહેરોનાં નાના ઘરના બદલે વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે. દિવસમાં મોબાઈલ ઉપર ૨-૫ વખત સંતાનો સાથે દેશ-વિદેશમાં વાત કરી આનંદ લે છે.

# શું એલિયન્સ હકીકતમાં છે ? તેઓ બ્રહ્માંડમાં છુપાયેલા છે?

શું એલિયન્સ વાસ્તવિક છે, શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે? આ અંગે કોઈ ચોક્કસ કારણ કે પુરાવા નથી. જો કે ચર્ચા છે, પરંતુ તેના વિશે વિશ્વસનીય કંઈ નથી. ભૌતિકશાસ્ત્રી એનરિકો ફર્મીને આ વિચિત્ર લાગ્યું. તેમણે ૧૯૫૦ ના દાયકામાં એક સૂત્ર રજૂ કર્યું જે હવે "ધ ફર્મી પેરાડોક્સ" તરીકે ઓળખાય છે. બહારની દુનિયાના જીવનની શોધ (જીઈ્) અને અવકાશ (સ્ઈ્) દ્વારા સંકેતો મોકલવા માટે તે હજુ પણ મહત્વપૂર્ણ છે.

પૃથ્વી અંદાજે ૪.૫ અબજ વર્ષ જૂની છે અને જીવન ઓછામાં ઓછું ૩.૫ અબજ વર્ષ જૂનું છે. બ્રહ્માંડને જોતાં, જીવન માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઘણી વખત થવાની સંભાવના છે. તો એલિયન્સ ક્યાં છે? દ્બીંક્કઙ્મૈટના '૩ બોડી પ્રોબ્લેમ'ના પ્રથમ એપિસોડમાં એક પાત્ર યે વેન્જી નામનું પાત્ર રેડિયો ઓબ્ઝર્વેટરીમાં કામ કરતી વખતે એલિયનનો સંદેશ મેળવે છે. સંદેશ મોકલનાર, પોતાને શાંતિવાદી કહે છે, લોકોને પ્રતિસાદ ન આપવા વિનંતી કરે છે અને જો તેઓ આમ નહીં કરે તો પૃથ્વી પર હુમલો થવાની ચેતવણી પણ આપે છે. આગળની વાર્તા જાણવા માટે અમારે શ્રેણીની બીજી સીઝન સુધી રાહ જોવી પડશે. અથવા સિક્સિન લિયુ દ્વારા શ્રેણીનું બીજું પુસ્તક 'ધ ડાર્ક ફોરેસ્ટ' વાંચો. 'ધ ડાર્ક ફોરેસ્ટ' પુસ્તકમાં કહેવાયું છે કે બ્રહ્માંડમાં એલિયન જીવોની કોઈ કમી નથી અને તેઓ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે પોતાની જાતને છુપાવવામાં સક્રિય છે. તે જણાવે છે કે તકનીકી પ્રગતિના વિવિધ દરો શક્તિના સતત સંતુલનને અશક્ય બનાવે છે, જે સંસ્કૃતિઓ સૌથી વધુ ઝડપથી પ્રગતિ કરે છે તે અન્ય કોઈપણને ભૂંસી નાખવાની સ્થિતિમાં છોડી દે છે. આ ખતરનાક વાતાવરણમાં, જેઓ સર્વાઇવલની રમત શ્રેષ્ઠ રીતે રમે છે તેઓ સૌથી વધુ સમય સુધી ટકી રહે છે. અમે પહોંચ્યા તે પહેલાં આ રમત ચાલી રહી હતી, અને દરેક વ્યક્તિએ જે વ્યૂહરચના શીખી છે તે છુપાવવાની છે.

રમતને જાણનાર કોઈ પણ વ્યક્તિ કોઈનો સંપર્ક કરવા – અથવા કોઈપણ સંદેશાઓનો જવાબ આપવા માટે પૂરતો મૂર્ખ નહીં હોય.

અગ્રણી ખગોળશાસ્ત્રીઓ કેલી સ્મિથ અને જ્હોન ટ્રેફાગને ૨૦૨૦ માં કહ્યું હતું કે સંપર્કના જવાબમાં કંઈપણ કરવું જોઈએ નહીં, કારણ કે કંઈપણ કરવાથી આપત્તિ થઈ શકે છે. તે દલીલ કરે છે કે આપણે એવું કંઈપણ કરવાનું ટાળવું જોઈએ જે દર્શાવે છે કે આપણે કોણ છીએ. રક્ષણાત્મક વર્તણૂક સંઘર્ષ સાથેની આપણી પરિચિતતાને પ્રતિબિંબિત કરશે, તેથી તે ઠીક રહેશે નહીં. સંદેશ પરત કરવાથી પૃથ્વીનું સ્થાન જાણવા મળશે – તે પણ એક ખતરનાક વિચાર. આ જગ્યા વિશેના સોવિયેત યુગના રશિયન સાહિત્યની ધારણાઓથી અલગ છે, જેમાં એવું માનવામાં આવતું હતું કે અદ્યતન સંસ્કૃતિઓ સંઘર્ષમાંથી જ આગળ વધશે, અને તેથી મૈત્રીપૂર્ણ વલણ ધરાવે છે. તે હવે સંચાર માટે પ્રોટોકોલ માટે વિશ્વસનીય માર્ગદર્શિકા માનવામાં આવતું નથી.

ડાર્વિનનું ખોટું અર્થઘટન રસપ્રદ રીતે, ડાર્ક ફોરેસ્ટ સિદ્ધાંત લગભગ ચોક્કસપણે ખોટો છે અથવા, ઓછામાં ઓછું, તે આપણા બ્રહ્માંડમાં ખોટું છે. ડાર્વિનનો સિદ્ધાંત અસ્તિત્વ માટેના સંઘર્ષ અને વિજેતાના જીવિત રહેવાની શક્યતા પર ભાર મૂકે છે. ચાર્લ્સ ડાર્વિનનું સર્વાઇવલ માટેની સ્પર્ધાનું વર્ણન પુરાવા આધારિત છે. તેનાથી વિપરિત, અમારી પાસે પરાયું વર્તન, અથવા અન્ય સંસ્કૃતિઓની અંદર અથવા વચ્ચે સ્પર્ધા વિશે કોઈ પુરાવા નથી. આ સારા વિજ્ઞાનને બદલે મનોરંજક અનુમાન બનાવે છે,

ભલે આપણે એ વિચારને સ્વીકારીએ કે કુદરતી પસંદગી જૂથ સ્તરે, સંસ્કૃતિના સ્તરે કામ કરી શકે છે. જો તમે ધારો કે બ્રહ્માંડ ડાર્વિનના સિદ્ધાંત મુજબ ચાલે છે, તો પણ આ દલીલ શંકાસ્પદ છે. વાસ્તવિક સહ ઉત્ક્રાંતિ થાય છે. જીવો એકસાથે વિકસિત થાય છે, એકબીજા પર આધારિત છે, એકલા નથી. પરોપજીવીઓ યજમાન આશ્રિત છે, ફૂલો પરાગનયન માટે પક્ષીઓ પર આધાર રાખે છે. જંગલમાં દરેક પ્રાણી જંતુઓ પર આધાર રાખે છે. પરસ્પર સંબંધો મુલાકાતોને

### શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે ?



જન્મ આપે છે. આપણા વિશ્વમાં જંગલો આ રીતે કાર્ય કરે છે. રસપ્રદ રીતે, લિયુ આ પરસ્પર નિર્ભરતાને 'ડાર્ક ફોરેસ્ટ' સિદ્ધાંતના મૂર્ત સ્વરૂપ તરીકે સ્વીકારે છે.

દર્શક અને વાચકને વારંવાર કહેવામાં આવે છે કે "પ્રકૃતિમાં, એકલા અસ્તિત્વમાં નથી." આ વાસ્તવમાં રશેલ કાર્સનના "સાયલન્ટ સ્પ્રિંગ" (૧૯૬૨) માંથી એક અવતરણ છે.

# સાઉદી અરેબિયાના ટાપુ પર વિશ્વનું એક અનોખું સ્માર્ટ સિટી બનશે

**રાતા સમુદ્રમાં આવેલા ૪૧ જેટલા ટાપુઓ પર ૨૬,૫૦૦ ચો.કિલોમીટરના વિસ્તારમાં નિયોમ નામનું એક શહેર સાઉદી અરેબિયા દ્વારા બનાવવામાં આવી રહ્યું છે વિશ્વનું આ અનોખું નગર હશે તેનું નામ છે નિઓમ શહેર આ શહેરમાં ૯૦ લાખ લોકોનો નિવાસ થશે આખું શહેર ગ્રીન સિટી બનશે**



**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ધોલેરા નજીક સ્માર્ટ સિટીની યોજના ઝડપભેર આગળ વધી રહી છે આ અનોખા નગર વિશે આપણા દેશની અંદર ભારે ઉત્સાહનું વાતાવરણ છે અહીં ઔદ્યોગિક વિકાસ માટે નવા નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે ત્યારે સાઉદી અરેબિયામાં પણ ૯૦ લાખ લોકો રહી શકે તેવું એક સ્માર્ટ સિટી નો વિકાસ કરવામાં આવી રહ્યો છે

નવાઈની વાત એ છે કે સાઉદી અરેબિયાનું આ નવું શહેર ૪૧ જેટલા ટાપુઓ પર વસેલું હશે અને તમામ ટાપુઓ એકબીજા સાથે ઇન્ટર કનેક્ટેડ હશે અને જાવન માટે રોપેક્સ જેવી સમુદ્રી સેવા પણ શરૂ થશે આ સ્માર્ટ સિટી નો વિચાર ૧૯૧૭ માં સાઉદી અરેબિયાના રાજવી પરિવાર દ્વારા કરવામાં આવેલો તેની કલ્પના હવે સાકાર થશે ૧૯૩૦ સુધીમાં આ શહેર તૈયાર થઈ જશે

સાઉદી અરેબિયાના રિયાધ શહેર નજીક દક્ષિણ-વાયવ્ય તરફ રાતા સમુદ્રના ૪૧ ટાપુઓના સમૂહ પાસે ૨૬,૫૦૦ ચો.કિમી.ના વિસ્તારમાં બનાવવામાં આવનાર નિઓમ શહેર વિશે જાણવા જેવી મહત્વની વાત નીચે મુજબ છે

કાચની બે સમાંતર ૨૦૦ મીટરના અંતરે આવેલા ૫૦૦ મીટર ઊંચી તથા ૧૭૦ કિમી લાંબી દીવાલો વચ્ચેના આ સૂચિત શહેરને નગર-આયોજનના કેટલાક મહત્ત્વના પ્રશ્નોના જવાબ તરીકે લેખવામાં આવે છે; તો સાથે સાથે તેનાથી નવા જ પ્રશ્નો ઉદ્ભવવાની સંભાવના પણ તેટલી જ છે. આ શહેરનું નામ નિઓમ પોતે જ અમુક બાબતો સ્પષ્ટ કરે છે. દ્બઈ અને સ્થી બનેલા આ શબ્દમાં દ્બઈ એ નવીનતાનો સૂચક છે જ્યારે સ્ એ અરબી ભાષામાં ભવિષ્ય શબ્દનો પ્રથમ અક્ષર છે. આમ તો ઈ. સ. ૨૦૩૦માં જેની રચના પૂર્ણ થવાની હતી તેવા આ શહેર પાસે જાણે માનવસમુદાયને ઘણી આશાઓ છે. ત્યાંના રાજવી પરિવારના સભ્ય દ્વારા ઈ. સ. ૨૦૧૭માં જ્યારે આ શહેરની પરિકલ્પના વહેતી મુકાઈ ત્યારથી અત્યાર સુધીમાં સમાજમાં ક્યાંક રોમાંચ તો ક્યાંક શંકાભરી નજર જોવા મળે છે.

એક અંદાજ પ્રમાણે આજના સમયે જ્યારે ૫૬ પ્રતિશત જેટલા માણસો શહેરમાં વસવાટ કરે છે ત્યારે શહેરના આયોજન વિશે વધુ ગંભીરતા ઊભી થાય તે જરૂરી છે. આ સાથે આ માટે નવાં નવાં નગરઆયોજનના વિચારોને પણ ક્યાંક પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવા જરૂરી છે. પ્રશ્નો ઘણા છે અને તે જટિલ પણ છે. નગરઆયોજનને અસર કરતાં પરિબળો પરસ્પર એ રીતે સંકળાયેલાં છે કે તેમનો એકાકી ઉત્તર શક્ય નથી. આવા પ્રયત્નો વધારે સારી આવતીકાલ માટે હોય છે.

સાઉદી અરેબિયાના નગર આયોજન ખૂબ જ આધુનિક હોય છે આ શહેરનું નગર આયોજન પણ માની ન શકાય તેવું અદભુત હશે આશરે ૯૦ લાખ લોકોનો સમાવેશ કરી શકે તેવું આ શહેર ૩૪ ચો. કિમી.નો જમીનનો વિસ્તાર રોકશે. તે કાચની બે સમાંતર દીવાલો વચ્ચે બનાવશે, જેની બહારની સપાટી આજુબાજુની કુદરતની પરિસ્થિતિને પ્રતિબિંબિત કરશે. તેની લંબાઈ આમ તો ૧૭૦ કિમી. આ શહેરમાં હાઈસ્પીડ રેલવે ચાલશે જેનાથી એક છેડાથી બીજા છેડા વચ્ચેનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપી શકાશે. આ એક સ્માર્ટ શહેર હશે જેમાં અન્ય શહેરોની જેમ જ મનોરંજનનાં, રમતગમત માટેનાં, શિક્ષણ તથા વહીવટ માટેનાં સ્થાનો હશે. આ સાથે આ શહેર રાતા સમુદ્ર પાસે બનાવવાનું હોવાથી તેમાં બંદર તથા તેને સંલગ્ન વ્યવસાય માટે સગવડ પણ પ્રયોજાશે. વળી બાગ-બગીચા-પ્રવાસનસ્થાનો જેવી બાબતો તો ખરી જ. ટૂંકમાં જે અન્ય શહેરોમાં હોય છે તે અહીં પણ હશે. નજીકમાં એક અત્યાધુનિક હવાઈ મથક પણ સૂચિત છે.

આ શહેર શતપ્રતિશત સૂર્ય, હાઇડ્રોજન તથા પવનઊર્જાથી સંચાલિત હશે. અહીં બધું જ નિયંત્રણ ડિજિટલ તકનીકથી થશે. અહીં બાંધકામની શૈલી પણ અત્યાધુનિક હશે જે ૩,૮૦,૦૦૦ જેટલી રોજગારીની તકો ઊભી કરશે તેવો અંદાજ છે. એમ મનાય છે કે તેમાં ૫૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરાશે. આ નગરની રચના ૨૦૦ મીટર ૧ સમાંતર કાચની દીવાલો વચ્ચે કરવાની હોવાથી તેની રેખાકીયતા મહત્ત્વની બની રહેશે; જે અમુક પ્રશ્નો પણ ઊભા કરશે.

પ્રશ્નો ઘણા છે. સૌપ્રથમ તો ૧૭૦ કિમી.ની લંબાઈ જ પ્રશ્ન છે. આ અંતર અમદાવાદથી ભરૂચના અંતરથી થોડું ઓછું થાય. આટલું લાંબું શહેર અને તે પણ માત્ર ૨૦૦ મીટર પહોળું. આમ તેની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર ૮૫૦:૧નો થાય. શું આ બાબત વિચિત્ર નથી જણાતી! અને તેમાં પણ જો એમ દાવો થતો હોય કે એક છેડેથી બીજા છેડે માત્ર ૨૦ મિનિટમાં પહોંચી શકાશે તો શું ટ્રેનની ઝડપ કલાકે ૫૦૦ કિમી.થી વધુ હશે - તેમાં પણ વચ્ચે સ્ટેશનો આવશે? કાચની મજબૂત દીવાલો વચ્ચે ૫૦૦-૬૦૦ કિમી.ની ઝડપે ટ્રેન દોડે ત્યારે તેના કંપનની અસર કેવી રહેશે?

આ શહેર માટે ઊડતી કારનો પણ કન્સેપ્ટ છે. જો બે દીવાલ વચ્ચેની સૂચિત રચના આયોજન પ્રમાણે આ શહેર સૂચિત સમયરેખામાં તૈયાર થઈ જાય તો શું તેટલા સમયમાં ઊડતી કારનું ઉત્પાદન શરૂ થઈ ગયું હશે ! અને માત્ર ૨૦૦ મીટર પહોળાઈવાળા આ શહેરમાં આવી ઊડતી કારનો વિચાર કેટલો વ્યવહારુ ગણાય ! અહીં તો આ નગર માટે કૃત્રિમ ચંદ્ર બનાવવાનું આયોજન પણ છે. રણપ્રદેશ જ્યાં સાચા ચંદ્રને તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં માણી શકાય ત્યાં કૃત્રિમ ચંદ્રની કલ્પના પર્યાવરણની દૃષ્ટિએ અસ્વીકાર્ય નથી જણાતી! અને આ શહેર તો પર્યાવરણના જતનની તો ખૂબ ખૂબ વાતો કરે છે. શહેરની બહારની કાચની દીવાલોમાં જે આજુબાજુની કુદરતી પરિસ્થિતિનું પ્રતિબિંબ ઝીલી પર્યાવરણ-કુદરતને માણવાની વાત છે તે પણ ક્યાંક દંભી લાગે છે. ત્યાંના ડુંગરાળ વિસ્તારમાં ડુંગર સામે દર્પણ મૂકી તે દર્પણમાં ડુંગરને માણવાની શી મજા! અને તે પણ એ જાણી લીધા પછી કે આ પ્રતિબિંબ માત્ર છે. હકીકતમાં તો આ કાચની સખત દીવાલ બહાર અને અંદરનાં સ્થાનોને સાવ જ અલગ પાડી દે; બધી જ રીતે. અહીં માનવીય સંબંધોમાં પણ પ્રશ્નો થાય. ૧:૮૫૦ના ગુણોત્તરવાળા શહેરમાં અમુક લોકો વધારે પડતા નજીક આવી જાય તો અમુક અનિચ્છનીય માત્રામાં દૂર જતા રહે. આ બાબત વ્યવહારમાં તો પ્રશ્નો ઊભા કરે જ પણ તેનાથી મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ ઊભા થાય. શહેરઆયોજન એ માત્ર ઉપયોગિતા માટેનું પ્રકરણ નથી. તેમાં માનવીય સંવેદનાઓનો પણ હકારાત્મક પ્રતિભાવ સામેલ કરવો પડે. આવા સાંકડા તથા લાંબા શહેરમાં નવા જ પ્રકારના સામાજિક પ્રશ્નો ઊભા થાય જેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં માનવીય સંબંધો વિશે પણ વિચારવા માં આવી રહ્યું છે જે શહેર બનશે તે ઇકો ફ્રેન્ડલી બનશે તેમ કહેવાય છે પરંતુ ઊર્જાના પ્રશ્નો અને અન્ય પર્યાવરણના પ્રશ્નો યથાવત રહેવા પામે તો આ સ્માર્ટ સિટી ભવિષ્યની અંદર રહેવા લાયક ન બને અને લોકો સ્વેચ્છાએ તેનો ત્યાગ કરીને અન્યત્ર વિલેજ એરિયામાં જતા રહે એવું પણ બની શકે કારણ કે ટેકનોલોજી નો હતી વિકાસ માનવી માટે કંટાળાજનક પણ બની શકે છે.

# આઈપીએલ ૨૦૨૪નું ટાઈટલ બે વખતની વિજેતા કેકેઆરની ટીમ જીતશે ?



મુંબઇ,

શ્રેયસ ઐયરની કેપ્ટન્સી અને મેન્ટર ગૌતમ ગંભીરના નેતૃત્વમાં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે આઈપીએલ ૨૦૨૪માં ધૂમ મચાવી દીધી છે. કોલકાતાએ બુધવારે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં રેકોર્ડ જીત નોંધાવી હતી. આ સાથે કેકેઆરએ જીતની હેટ્રિક નોંધાવી અને પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ. આઈપીએલની આ સિઝનમાં કોલકાતાની ટીમના પ્રદર્શન માટે ગૌતમ ગંભીરના ખૂબ વખાણ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર લોકો ગૌતમ ગંભીરના આ શાનદાર પ્રદર્શનનો શ્રેય આપી રહ્યા છે. દરમિયાન શ્રેયસ અય્યર અને ગૌતમ ગંભીર વચ્ચે એક ખાસ કનેક્શન સામે આવ્યું છે. આ જોઈને લાગે છે કે કેકેઆર ત્રીજી વખત ટ્રોફી જીતી શકે છે. તો ચાલો જાણીએ શું છે આ ખાસ કનેક્શન?

કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ અત્યાર સુધીમાં બે વખત (૨૦૧૨, ૨૦૧૪) આઈપીએલ ટાઈટલ જીતી ચૂકી છે. ગૌતમ ગંભીરની કેપ્ટન્સીમાં આ ટીમે બંને વખત આ સિદ્ધિ મેળવી છે. ૨૦૧૨માં કેકેઆરની કમાન સંભાળતા પહેલા ગંભીર દિલ્હી કેપિટલ્સ સાથે હતો. ૨૦૧૦માં દિલ્હીની ટીમ પ્લે-ઓફ માટે ક્વોલિફાય કરી શકી ન હતી. આ પછી, ગંભીરને ટીમમાંથી છુટો કરવામાં આવ્યો અને ૨૦૧૧ની મેગા ઓક્શનમાં તે કોલકાતાની સાથે સિઝનના સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભરી આવ્યો.

# રોમારિયો શેફર્ડે એક ઓવરમાં ફટકાર્યા ૩૨ રન

મુંબઈ,

૧૫મી ઓવર સુધી મુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર ૪ વિકેટે ૧૩૮ રનનો હતો અને તેમના માટે ૨૦૦ રનના સ્કોર સુધી પહોંચવું મુશ્કેલ લાગતું હતું પરંતુ ટિમ ડેવિડ અને રોમારિયો શેફર્ડે તોફાની બેટિંગ કરી ૫ ઓવરમાં ૯૬ રન બનાવી લીધા હતા

વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ રહેલી મુંબઈ ઈન્ડિયન્સ દ્દજ દિલ્હી કેપિટલ્સ મેચમાં મુંબઈએ પ્રથમ બેટિંગ કરી છે. એક તરફ ટીમની શરૂઆત શાનદાર રહી છે. છેલ્લી ૪ ઓવરમાં મુંબઈના બેટ્સમેનોએ દિલ્હીના બોલરોને બરાબરના ધોયા હતા. પરંતુ મુંબઈ માટે સૌથી મોટો હીરો રોમારિયો શેફર્ડ રહ્યો હતો. જેણે છેલ્લી ઓવરમાં ૩૨ રન ફટકાર્યા હતા અને મુંબઈ ઈન્ડિયન્સને ૨૩૪ રનના સ્કોર સુધી લઈ ગયો હતો.

એક સમયે એવું લાગતું હતું કે સૈં માટે ૨૧૫ રનનો સ્કોર પણ હાંસલ કરવો મુશ્કેલ રહેશે પરંતુ શેફર્ડે એવી સિક્સર ફટકારી કે વાનખેડે સ્ટેડિયમમાં હાજર લોકો આનંદથી જૂમી ઉઠ્યાં હતાં ૧૯મી ઓવરમાં મુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર ૫ વિકેટે ૨૦૨ રન હતા. દિલ્હી તરફથી છેલ્લી ઓવર એનરિચ નોર્ટજે ફેંકી હતી. રોમારિયો શેફર્ડે તેના પ્રથમ બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો. તેણે બીજા, ત્રીજા અને ચોથા બોલ પર પણ સિક્સરની હેટ્રિક ફટકારીને મેદાનમાં બલ્લે બલ્લે કરી દીધો હતો. પહેલા ૪ બોલમાં ૨૨ રન આવ્યા હતા. તેણે નોર્ટજેના પાંચમા બોલ પર ચોગ્ગો અને છેલ્લા બોલ પર છગ્ગો ફટકારીને ઓવરમાં કુલ ૩૨ રન બનાવ્યા હતા.

# ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ

## કહ્યું, મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવું છે, નહીંતર હું આપઘાત કરી લઈશ

ગોરખપુર,

ઘણીવાર સમાજમાં એવા કિસ્સાઓ બનતા હોય છેકે, તેના વિશે જાણીને પણ આપણે ચોંકી જઈએ. પતિ-પત્નીની વચ્ચે કોઈ વો આવી ગઈ હોય એવા કિસ્સાઓ તો તમે ઘણાં સાંભળ્યા હશે, જોયા પણ હશે. પણ અહીં તો પતિ અને પત્નીની વચ્ચે છે પ્રેમી. એ આવ્યો નથી પણ પત્ની તેને સામેથી જોડે રાખવા માંગે છે. એના માટે તો એ જીદ્દે ચઢી છે. જીદ્દે પણ કેવી કે ત્રણ-ત્રણ બાળકોની માતા છેક લાઈટના થાંભલે ચઢી ગઈ. આ કિસ્સો છે ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાનો. જ્યાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં એક મહિલા તેના અવૈધ સંબંધનો ખુલાસો થતાં ઈલેક્ટ્રિક પોલ પર ચઢી ગઈ હતી. મહિલાને ત્રણ બાળકો છે અને તેનું છેલ્લા સાત વર્ષથી અફેર હતું. તેના પતિને આ વાતની જાણ થતાં જ તેણે વિરોધ કરવાનું શરૂ કર્યું. આ પછી મહિલાએ આત્મહત્યા કરવાની ધમકી આપવાનું શરૂ કર્યું. ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ, પછી કહ્યું- મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવુંછે, નહીંતર...હું આપઘાત કરી લઈશ. લો, બોલો, જ્યારે આવું થાય ત્યારે શું કરવું....પતિએ પડોશી ગામના એક યુવક સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને નામંજૂર કર્યા પછી મહિલાએ ઘણી વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

# શેખ તારિક બિન લાદેને ફરી એકવાર તેમનો ડ્રીમ પ્રોજેક્ટ ‘બ્રિજ ઓફ ધ હોર્ન્સ’ દુનિયા સમક્ષ રજૂ કર્યો



વોશિંગ્ટન,

ઓસામા બિન લાદેનના ભાઈ શેખ તારિક બિન લાદેને ફરી એકવાર પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ’બ્રિજ ઓફ ધ હોર્ન્સ’ દુનિયા સમક્ષ રજૂ કર્યો છે. આ એક બ્રિજ પ્રોજેક્ટ છે જે દક્ષિણ આફ્રિકાને મધ્ય પૂર્વ સાથે જોડશે. આ વિશ્વનો સૌથી મોટો સસ્પેન્શન બ્રિજ હશે, જેમાં છ લેનનો હાઈવે તેમજ રેલ ટ્રેક હશે. હાલમાં, લાલ સમુદ્રમાં હુથી લડવૈયાઓના હુમલાઓને કારણે સસ્પેન્શન બ્રિજ જેવા ડ્રીમ પ્રોજેક્ટ્સ અટકી ગયા છે. માલવાહક જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, જ્યારે લાલ સમુદ્રમાં ગનપાઉડરની અરાજકતા બંધ થશે ત્યારે જ લાદેનના ભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ શરૂ થશે. આ બ્રિજ પરથી દરરોજ લગભગ એક લાખ વાહનો પસાર થઈ શકશે. તે જ સમયે, ૫૦ હજાર મુસાફરો, ગેસ અને પાણીની પાઈપલાઈન્સ ટ્રેન ટ્રેક દ્વારા એક બાજુથી બીજી તરફ જઈ શકશે. તેને બનાવવા માટે અંદાજિત ૧૦ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પુલ નીચેથી મોટી સંખ્યામાં જહાજો પસાર થશે કારણ કે તે લાલ સમુદ્રને સુએઝ કેનાલ સાથે જોડતા દરિયાઈ માર્ગ પર બાંધવામાં આવનાર છે. તેનો એક છેડો યમનમાં અને બીજો છેડો જીબુટીમાં હશે. શેખ તારિક બિન લાદેનનો આ પ્રોજેક્ટ નવો નથી. તેણે ૨૦૦૮માં તેને બનાવવાની યોજના પણ બનાવી હતી પરંતુ તેનું કામ ફરી શરૂ થઈ શક્યું ન હતું. લગભગ ૧૭ વર્ષ બાદ આ પ્રોજેક્ટ ફરી એકવાર ચર્ચામાં છે. આ પુલ લાલ સમુદ્રના બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પર બનાવવામાં આવશે, જેની ઊંડાઈ લગભગ ૩૦૦ મીટર છે. બ્રિજના પિલરની ઊંચાઈ ૭૦૦ મીટર રાખવામાં આવી છે, જેમાંથી ૪૦૦ મીટર પાણીની ઉપર અને ૩૦૦ મીટર પાણીની નીચે હશે. આ પુલ અલ-નૂર નામના પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવશે જેનો અર્થ થાય છે.

# ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઇ રહયો છે

સિડની,

દુનિયાના સૌથી નાના ખંડ અને વિશાળ દેશ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઇ રહયો છે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ આપી છે. નવાઇની વાત તો એ છે કે થોડાક વર્ષો પછી શરુ થનારો સંભવત દુષ્કાળ એક કે બે નહી ૨૦ વર્ષ સુધી ચાલી શકે છે. રિસર્ચ ટીમે ભૂતકાળમાં પડેલા દુષ્કાળના સમગ્ર સ્પેકટ્રમનો અભ્યાસ કર્યો હતો. કલાયમેટ મોડેલની મદદથી વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨૫૦ વર્ષના દુષ્કાળને સ્ટિમુલેટ કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાની અનેક યુનિવર્સિટીઓએ સંયુકત રીતે મળીને સ્ટડી મોડલ તૈયાર કર્યુ છે. વૈજ્ઞાનિકોને



આશંકા છે કે ઓસ્ટ્રેલિયામાં ઝડપથી એક મેગાડ્રોટ આકાર લઈ શકે છે. મેગા ડ્રોટ વર્ષો સુધી ચાલશે તો તેનો પ્રભાવ ઈકો સિસ્ટમ અને માનવીઓ પર પડશે. સાયન્ટિસ્ટોના ધ્યાનમાં આવ્યું છે કે પહેલા પણ આ પ્રકારના દુષ્કાળો નોંધાઇ ચુકયા છે. ઔધોગિક ક્રાંતિ પહેલા અને ૨૦ મી સદીમાં રણ મેગાડ્રોટ જોવા મળ્યા હતા.

એકાંદ કે બે વર્ષના દુષ્કાળથી પર્યાવરણ અને ઈકો સિસ્ટમને ખાસ નુકસાન થતું નથી પરંતુ લાંબા ગાળાના દુષ્કાળ ખૂબજ ભયંકર અસર ઉભી કરે છે. કયારેક તો મેગાડ્રોટની અસર દાયકાઓ સુધી રહેતી હોય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે અમેરિકાના દક્ષિણ પશ્ચીમ વિસ્તારમાં ૨૧ મી સદીની શરુઆતમાં ભયંકર દુષ્કાળ પડયો હતો, આ દુષ્કાળને ૨૪ વર્ષ થયા પછી પણ તેની અસર ચાલુ રહી છે.

આ સ્ટડી સાથે સંકળાયેલા પ્રોફેસર નેરિલ અબરામે કહયું હતું કે જળવાયુ પરિવર્તનના લીધે દક્ષિણ પશ્ચિમી અને પૂર્વી ઓસ્ટ્રેલિયામાં લાંબા સમયથી દુષ્કાળ પડી રહયો છે. મર્રે ડાર્લિંગ બેસિન ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો કૃષિ વિસ્તાર છે. આ એવા વિસ્તારો છે જયાં ધીમે ધીમે વરસાદનું પ્રમાણ ઘટશે ત્યારે દુષ્કાળનો ખતરો વધી જવાનો છે.

# અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો



મુંબઈ,

સાઉથ અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે.જેમાં જોવા મળી રહ્યું છે કે, અજિત કુમાર ફિલ્મના શૂટિંગ માટે સ્ટંટ કરી રહ્યો છે. તે દરમિયાન તેમની કારે પલટી મારી હતી. તમને જણાવી દઈએ કે, આ વીડિયો જુનો છે. ફિલ્મનું શૂટિંગ ગત્ત વર્ષ કરવામાં આવ્યું હતુ. તે દરમિયાન તે ગંભીર રીતે ઘાયલ પણ થયો હતા. વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, કઈ રીતે અભિનેતાએ સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવે છે અને તેની કાર રસ્તા પર પલટી મારી જાય છે. આ વીડિયો ગુરુવારના રોજ અભિનેતાએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. ત્યારથી આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, અભિનેતા ડ્રાઈવ કરી રહ્યો છે અને સાથે એક વ્યક્તિ પણ છે. ગાડીની અંદર લાગેલા કેમેરામાં આ તમામ વસ્તુઓ કેદ થઈ છે. ત્યારે અભિનેતાએ સ્ટેરિંગ પર કાબૂ ગુમાવતા કારે પલટી મારી હતી. આ અકસ્માત ફિલ્મના શૂંટિગ દરમિયાન થયો છે. અન્ય વીડિયોમાં ગાડીને રેગિસ્તાનના વિસ્તારમાં દેખાડવામાં આવી છે. ગાડી ચાલી રહી છે અને અચાનક કાબુ ગુમાવે છે.

# સિંગાપોરમાં છેતરપિંડીના કેસમાં ગયા વર્ષે ૧૮ ટકાનો થયો વધારો



સિંગાપોર

તમે ભારતમાં છેતરપિંડીના કેસ વિશે વારંવાર સાંભળ્યું અથવા વાંચ્યું હશે. પરંતુ, શું તમે જાણો છો કે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના તમામ દેશોમાં છેતરપિંડીના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. સિંગાપોર પણ તેમાંથી એક છે. સિંગાપોરમાં, છેતરપિંડી કરનારાઓ લોકોને ફસાવવા અને પછી તેમની મહેનતની કમાણી ચોરી કરવા માટે નવી પદ્ધતિઓ અપનાવે છે. તમે કલ્પના કરી શકો છો કે સિંગાપોરમાં છેતરપિંડી કેટલી મોટી સમસ્યા છે તે હકીકત પરથી ગૃહમંત્રીએ સંસદમાં તેના વિશે માહિતી આપવી પડી. માહિતી આપતાં ગૃહમંત્રી કે શનમુગમે કહ્યું કે ગયા વર્ષે સિંગાપોરમાં ૫૦૦ સ્થળાંતરિત ઘરેલું કામદારો છેતરપિંડીનો શિકાર બન્યા છે. સિંગાપોરમાં મોટાભાગના ઘરેલુ કામદારો ભારત, શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાંથી આવે છે. બુધવારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં શનમુગમે જણાવ્યું હતું કે એજન્સીઓ નિયમિતપણે સિંગાપોરમાં કાર્યરત કામદારો માટે છેતરપિંડી વિરોધી જાગૃતિ અભિયાન ચલાવે છે.

# વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો



મુંબઇ,

વીર સાવરકર ફિલ્મ સિનેમાઘરોમાં આવી ગઇ છે. આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં રણદીપ હૂડા અને અંકિતા બંનેની એક્ટિંગને દર્શકોએ વખાણી છે. ફિલ્મની સ્ટારકાસ્ટ ફિલ્મનું પ્રમોશન અલગ અલગ રીતે કરી રહ્યાં છે. તાજેતરમાં જ ફિલ્મની એક્ટ્રેસ અંકિતા લોખંડે સિનેમાઘરમાં પહોંચી હતી.

તેણે ઓડિયન્સ સાથે ઈન્ટરેક્શન કર્યું હતું અને પોતાના કેરેક્ટર વિશે દર્શકોનો પ્રતિભાવ જાણ્યો હતો. આ ફિલ્મના પ્રમોશનમાં ફિલ્મની સ્ટારકાસ્ટ અને પ્રોડ્યુસર સંદીપસિંહે એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો જેમાં તેણે એ વાત ક્લિયર કરી હતી કે વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો. તેણે કહ્યું હતું કે હું અને અંકિતા લાંબા સમયથી મિત્રો છીએ. અમે કરિયરના શરૂઆતના દિવસોથી સાથે છીએ, એ મારી સારી મિત્ર છે પણ તેણે અત્યારે જે કર્યું છે એ હું ક્યારેય નહીં ભૂલું. હું જાણું છું તેનું કેલિબર કેટલું છે. તેની અંદર ખૂબ આવડત છે એટલે જ વીર સાવરકર બનાવવાનો વિચાર કર્યો ત્યારે મારા મગજમાં અંકિતાનું નામ જ હતું.

આ વાતનો જવાબ આપતાં અંકિતા જણાવે છે કે સંદીપે કહ્યું એ પ્રમાણે અમે લાંબા સમયથી મિત્રો છીએ. તે જ્યારે ભણસાલી પ્રોડક્શનમાં કામ કરતો ત્યારે પણ અમે સાથે જ હતાં. એની સ્ટ્રગલ મેં જોયેલી છે. ફાઇનાન્શિયલ ક્રાઇસીસ એને છે એ હું જાણું છું છતાં એણે હિંમત કરીને આવી સરસ ફિલ્મ બનાવી એ મારા માટે ગર્વની વાત છે. મારો મિત્ર જ્યારે ફિલ્મ બનાવતો હોય તો હું પૈસા લઉં એટલી મૂરખ નથી. એના સારા-નરસા દરેક સમયે હું એની સાથે ઊભી રહી છું તો એની ફિલ્મમાં હું પૈસા કેવી રીતે લઇ શકું. અહીં તમે પાક્કી મિત્રતા કહી શકો. સંદીપ માટે મને હંમેશાં માન રહ્યું છે.

# ફિલ્મ ‘બડે મિયાં છોટે મિયાં’ ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની

મુંબઈ,

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટાર ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની છે. ફિલ્મ એક્શનથી ભરપુર છે. જેનો અંદાજો ટ્રેલર જોઈને લાગી જાય છે, હવે ફિલ્મના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરે ફિલ્મમાં આવેલા ખર્ચાને લઈ વાત કરી છે. તેમણે કહ્યું છે કે, આ ફિલ્મના શૂટિંગ પાછળ રોજનો ૩ થી ૪ કરોડ રુપિયાનો ખર્ચો આવતો હતો. આ સાથે તેમણે એ પણ કહ્યું છે કે, એક્શન ફિલ્મમાં એક આખી શાળાને તૈયાર કરવામાં આવી હતી અને વીએફએક્સના ટૂલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અલી અબ્બાસ ઝફરને પુછવામાં આવ્યું કે, તેમણે પુજા એન્ટરનેટનમેન્ટને આટલો મોટો પ્રોજેક્ટ કરવા માટે કઈ રીતે રાજી કર્યા, તેમણે કહ્યું કે,તેને કોઈ એવા વ્યક્તિને જરુર હતી કે, તેના પર આંખો બંધ કરીને વિશ્વાસ કરી શકે, ત્યારબાદ ભગનાની સાથે આવ્યો. તો તેમણે એક જવાબદારીના રુપમાં લીધો અને ફિલ્મને પુરી કરી. તેમણે કહ્યું જ્યારે અમે ફિલ્મની સ્ક્રિપ્ટ લખી તો અમે સૌ લોકો ખુશ હતા. અલી અબ્બાસ ઝફરે કહ્યું કે, બજેટ સૌથી મોટું પ્રેશર જે અભિનેતા અને ફિલ્મમેકર હંમેશા અનુભવે છે. જો તમે બાઈક સ્ટંટ કરવા માંગો છો તો દરેક બાઈકની કિંમત ૪ લાખ રુપિયા છે અને જો સ્ટંટ ખોટો થયો તો તમારે ૪ લાખ ગુમવવા પડે છે. જો તમે ૩૦-૪૦ લાખ રુપિયાની કિંમત વાળી બાઈકને સ્ટંટમાં સામેલ કરી રહ્યા છો તો આટલા રુપિયા ગુમવવા પડશે.

# ડ્યૂન ૨ વર્ષ ૨૦૨૪ની વિશ્વની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ

વોશિંગ્ટન/મુંબઈ,

ટિમોથી ચાલમેટની ‘ડ્યુન પાર્ટ ૨’ એ ઈતિહાસ રચ્યો છે. તે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ તરીકે ઉભરી આવી છે. ‘ડ્વેહી ૨’ એ ફિલ્મ ‘ડ્વેહી’ની સિક્વલ છે. વર્ષ ૨૦૨૧માં ‘ડ્યૂન’ એ છ એકેડેમી એવોર્ડ જીત્યા હતા. આ વર્ષે ૧ માર્ચે રિલીઝ થયેલી ‘ડ્વેહીર ‘ દુનિયાભરના સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. ડેનિસ વિલેન્યુવે દ્વારા નિર્દેશિત આ સાય-ફાઇ ફિલ્મે કમાણીના મામલામાં વિશ્વભરમાં ઈતિહાસ રચ્યો છે. આ ફિલ્મે વૈશ્વિક સ્તરે ૬૨૬.૧ મિલિયન ડૉલરની કમાણી કરી છે. તો ૨૯ માર્ચે રિલીઝ થયેલી હોલિવૂડ ફિલ્મ ‘ગોડઝિલા ૪ કોંગ’ એ પણ કમાલ કરી રહી છે. માત્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં આ ફિલ્મનો જાદુ છવાઈ ગયો છે. માત્ર ત્રણ દિવસમાં તે વિશ્વભરમાં આ વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. આંકડા અનુસાર, ફિલ્મ ‘ગોડઝિલા ૪ કોંગ’એ ઓપનિંગ વીકએન્ડમાં વૈશ્વિક સ્તરે લગભગ ૧૯૪ મિલિયન ડોલરનો બિઝનેસ કર્યો છે. કમાણીના મામલામાં આ ફિલ્મ માત્ર ‘ડ્યૂન પાર્ટ ૨’ અને ‘કુંગફુ પાંડા ૪’થી પાછળ છે. ‘ડ્વેહી ૨’ એ તેની રિલીઝના પાંચ અઠવાડિયામાં જ વિશ્વભરમાં લગભગ ઈ૬૨૬ મિલિયન ડૉલરનો બિઝનેસ કર્યો છે. તો, ‘કુગફુ પાંડા ૪’ એ તેની રિલીઝના ચાર અઠવાડિયામાં ઈ૩૪૭ મિલિયન ડૉલરની કમાણી કરી હતી. ‘ગોડઝિલા ૪ કોંગ’ ફિલ્મ એડમ વિંગાર્ડ દ્વારા નિર્દેશિત ફિલ્મ છે. ‘ગોડઝિલા ૪ કોંગ’૨૦૨૧માં આવેલી ફિલ્મ ‘ગોડઝિલા વર્સિસ કોંગ’ની સિક્વલ છે.

# રાજકોટ સબ રજિસ્ટ્રાર કચેરીમાં નો-એન્ટ્રીના પરિપત્ર સામે વકીલોનો ઉગ્ર વિરોધ

## રેવન્યુ બાર એસો.એ ઉઠાવેલો સવાલ, આક્રમક વલણની ચીમકી

રાજકોટ,
સરકારી અધિકારીઓ દ્વારા લોક ઉપયોગી નિર્ણય લેવાને બદલે ઘણી વખત એવા નિર્ણય લેવામાં આવે છે જેની નિંદાનો ભોગ સરકાર બને છે હાલમા જ નોંધણી સર નિરીક્ષક અને સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ કચેરી દ્વારા કરવામાં આવેલ તા.03/૦૪/૨૦૨૪ ના પરિપત્ર મુજબ અનઅધિકૃત વ્યક્તિઓ પ્રવેશ કરવા તથા ગુપ્તતાના ભંગ અને સરકારશ્રીની ગરિમા અને નુકસાન પહોંચે છે તેવિ બાબત ઉલ્લેખ કરીને સબ રજિસ્ટ્રાર કચેરીમાં લેનાર વેચનાર અને સાક્ષી સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં તેવો પરિપત્ર કરેલ જે બાબત રાજકોટ રેવેન્યૂ બાર અસોશિએશન થતાં તેના પ્રમુખ



રમેશભાઈ કથીરિયા તેમજ સેક્રેટરી વિજય તોગડિયા તેમજ હોદેદારો અને મોટી સંખ્યામાં એડવોકેટે સબ રજિસ્ટાર અજય ચારેલ પાસે ધસી જઈને આ બાબતની રજૂઆત કરેલ કે હાલમાં મોટાભાગની ન્યાયિક કચેરીની કામગીરીનું લાઈવ પ્રસારણ કરવામાં આવે છે જેથી કરીને કામગીરી પારદર્શક થાય છે કે નહીં તે દેશના તમામ નાગરિકોને નિહાળી શકે . તો એવી તો શું ગુપ્તતા જાળવવાની જરૂર પડી કે લોકો પોતાની જમીન મકાન વિગેરેના વેચાણમાં પોતાની સાથે જાણીતા લોકો, પ્રતિનિધિ લઈ આવે તો તેનો પ્રવેશ ના આપવો અને તેમાં ખોટું શું છે કે પોતાની જાણકારીના અભાવે છેતરપિંડી ન થાય તે માટે તેમજ દેશની પરંપરા મુજબ વેચાણમાં બે ત્રણ લોકો સાક્ષી હોય છે,એડવોકેટ સાથે રાખતા હોય છે જેથી કરીને કોઈ પ્રશ્ન બને તો સાક્ષીની હાજરીમાં વાત સાબિત કરી શકાય.સબજિસ્ટ્રાર કચેરીમાં સામાન્ય રીતે કોઈ પણ નાગરિક જાહેર રેકોર્ડ ચેક કરવા, આરટીઆઇ કરવા, તપાસવા, દસ્તાવેજ ની નકલ માંગવા, તથા અરજદાર ના પ્રતિનિધિ તરીકે પ્રવેશ આપતા હોય છે ત્યારે ગુપ્તાના નામે પ્રવેશ રોકવો તે કાયદાની વિરુદ્ધનું કહેવાય તેમજ ગેરબંધારણ અને લોકો નો બંધારણીય હકમાં તરાપ સમાન ગણાય.તેમજ લખી આપનાર લખાવી લેનાર અને માત્ર સાક્ષીને જ પ્રવેશ આપવાની બાબતમાં એડવોકેટ પ્રતિનિધિ તરીકે કોઈ પણ પક્ષકાર લખી આપનાર કે લંખી લેનાર સાથે આવી શકે તેવી કાયદાકીય પણ જોગવાઈ હોય ત્યારે કાયદાની વિરુદ્ધ નો પરિપત્ર કરેલ હોય તેવો પરિપત્ર રદને પાત્ર છે તેવું અસોશિએશન દ્વારા જણાવેલ.

આ આવેદનપત્ર આપવામાં રાજકોટ રેવન્યુ બાર એસોસીએશનના પ્રમુખ રમેશભાઈ કથીરિયા તેમજ સેક્રેટરી વિજય તોગડિયા તેમજ હોદેદારો સી એચ પટેલ, વિમલ ડાંગર, આનંદ જોશી તેમજ વકીલો માં, રવિન્દ્ર ડી. અઘેરા, વિગેરે જોડાયા હતાં.

# રાજકોટનાં ભગવતીપરાની શાળામાં શી ટીમનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ
શહેરના ભગવતી પરા વિસ્?તારની બંધુ લીલા સ્કૂકલ ખાતે અવેરનેસનો કાર્યક્રમ શહરે પોલીસની ઉત્તર વિભાગની ‘શી’ ટીમ દ્વારા યોજાયો હતો. જેમાં ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓને ગૂડ ટચ બેડ ટચ તથા જાતીય સતામણી પોકસોના ગુનાથી ભોગ બનતા અટકાવવા માટે જાગૃત કરવામાં આવ્યા હતાં. અજાણી વ્યક્તિટને પોતાના મોબાઈલ નંબર આપવા નહિ, ઈન્ટાગ્રામ, ફેસબૂકમાં અજાણ્યાક વ્યક્તિઓની ફ્રેન્ડ રિક્વે સ્ટ એક્સેવપ્ટી કરવી નહીં તેમજ અજાણ્યાર વ્યાક્તિન સાથે મેસેજમાં વાત કર્યા પછી એકલુ અવાવરૂ જગ્યાએ મળવા જવુંનહીં જેવી મહત્વતની બાબતો વિશે વિસ્તૃ ત સમજ અપાઇ હતી.આ કાર્યક્રમમાં છાત્રા-છાત્રોના વાલીઓ હાજર હોઇ તેમને પણ સંતાનોનું ધ્યાતન રાખવા બાળકોની માનસિકતા પર અસર



કરે તેવુ કોઇ કૃત્યા તેમની હાજરીમાં નહિ કરવા સમજ અપાઇ હતી. નદીકાંઠાના આ વિસ્તારમાં મોટાભાગે મજૂર વર્ગ તેમજ ગુજરાત બહારના લોકોનો વસવાટ વધુ હોઇ આખો દિવસ માતા પિતા બંને કામ કરવા જતા હોઇ બાળકો એકલા રહેતા હોવાથી ત્યાં સતામણી સહિતના ગુનાઓનો ભોગ બાળકો વધુ બને તેવી શક્યાતા હોઇ જ્યાં પોસ્કો। ના ગુનાની ભોગ બનવાની શકયતા વધુ રહેતી હોઇ આવુ કંઇ જણાય તો તુરત શી ટીમનો સંપર્ક કરવા સુચના અપાઇ હતી. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ, એસીપી આર. એસ. બારીયાની સુચના અને પીઆઇ આઇ. એન. સાવલીયાની રાહબરીમાં શીટીમના ઇન્ચાીર્જ પૂજાબેન, ઉર્મિલાબેન સહિતે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રાજકોટ મનપા દ્વારા રામનાથપરા આંગણવાડી કેન્દ્ર ખાતે ‘ગ્રાન્ડ પેરેન્ટવસ ડે’ની ઉજવણી



રાજકોટ,
મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગમાં ઘટક ૩ ની રેડક્રોસ સેજાની રામનાથપરા ૧૪ આંગણવાડી કેન્દ્ર પર તારીખ ૫/૪/૨૦૨૪ શુક્રવારના રોજ પ્રોગ્રામ ઓફિસર શ્રી ડો. લલિત વાજા સરના માર્ગદર્શન હેઠળ ઘટક ૩ ના પ્રી સ્કૂલ ઈન્સટ્રક્ટર કરગથરા માનસીબેનના પ્રયત્નો વડે તથા બાળ વિકાસ યોજના અધિકારી શ્રી પૂજાબેન જોષી અને મુખ્યપ સેવિકા બહેન ઝરણાબેન વ્યા્સની ઉપસ્થિરતિમાં કાર્યકર બહેન દોઢિયા મુમતાઝનબેન અને તેડાગર બહેન દુધરેજીયા શોભનાબેન દ્વારા ગ્રાન્ડણ પેરેન્ટસ ડે ની ઉજવણી કરવામાં? આવેલ.?

આ કાર્યક્રમમાં દાદા-દાદીઓ બહોળી સંખ્યાદમાં હાજર રહેલ અને તેમનું સન્માટન કરવામાં આવેલ. જેમાં સંયુક્તા કુટુંબમાં બાળકોનો વિકાસ , આઈ.સી.ડી.એસ. વિભાગના ૩ થી ૬ ના બાળકો માટે તૈયાર કરાયેલ અભ્યા સક્રમમાં આવતી ૧૭ થીમ વિશે ઉપસ્થિત વાલીઓને તેના મહ્ત્વ્હા વિશે સમજ આપવામાં આવેલ. બાળકોએ અને વાલીઓએ વિવિધ થીમ અંતર્ગત બનાવેલા .એલ.એમ.ને પ્રથમ , દ્વિતિય અને તૃતિય નંબર આપી તેમને ઈનામ આપી અને અન્ય બાળકોને પ્રોત્સાતન ઈનામ આપી સન્મારનિત કરવામાં આવેલ.

# રાજકોટ શહેર ભાજપ દ્વારા પક્ષના સ્થાપના દિવસની કરાઈ ઉજવણી

રાજકોટ,
રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિને આનંદ અને ગૌરવની લાગણી સાથે શુભેચ્છા પાઠવતા જણાવ્યું છે કે જેને હૈયે હંમેશા દેશનું હિત રહયું છે એવી ભારતીય જનતા પાર્ટીને ભારતની પ્રજાએ હોંશભેર આવકારી છે. સખત સંઘર્ષ અને સતત પરિશ્રમ જેના પાયામાં છે એ ભાજપ છેલ્લા તેના સ્થાપના દિવસ ૧૯૮૦થી આજ દિન સુધીમાં કળીમાંથી ફુલ અને ફુલમાંથી આખુ ઉપવન બની ગયો છે. ભાજપની શાખાઓ પણ હવે ચોમેર વિસ્તરી રહી છે. ભાજપા પાસે દેશપ્રેમની વિચારધારા છે તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની નિષ્ઠા છે. સ્પષ્ટ નિતી અને અડીખમ સંકલ્પો છે.

દેશમાં જ નહી દુનિયામાં પણ એકમાત્ર ભાજપ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે. ભાજપાની મૂડી એમના કાર્યકર્તાઓ છે. સક્ષમ, ત્યાગી, મૂલ્યનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ ભાજપની ઓળખ છે. કાર્યકર્તાઓની તાકાત અને તપસ્યાના કારણે ભાજપ આજે સફળતાના શિખરે બિરાજમાન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિજય બાદ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના લક્ષ્યવધિ સંનિષ્ઠ કાર્યકર્તાઓના પુરૂષાર્થ, સમર્પણ, તપ, ત્યાગ અને સંકલ્પનું જ આ યશસ્વી પરિણામ છે.

ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠાઓ સાંસ્કૃતીક રાષ્ટ્રવાદ, લોકતંત્ર, એકાત્મ માનવદર્શન, સર્વધર્મ સમભાવ, મૂલ્ય આધારીત રાજનિતી રહેલી છે, ૧૯૮૦માં સ્થાપેલી ભારતીય જનતા પાર્ટીએ તેના ‘જન્મ’ થી જ અંત્યોદય અને રાષ્ટ્રપ્રેમ આધારીત સામાજીક આર્થિક આદર્શો અને હિન્દુત્વ પર આધારીત વિચારધારા અપનાવી છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ જેવી હિન્દુત્વ પર આધારીત વિચારધારાવાળી સંસ્થાઓને તેના મૂળિયા સિંચ્યા છે. ૧૯૮૪માં લોકસભામાં માત્ર ૨ જ સીટ મેળવનારી ભારતીય જનતા પાર્ટીએ ૧૯૯૮માં સરકાર રચી દીધી, લોકસ્વીકૃતીનો આનાથી મોટો પુરાવો બીજો કયો હોઈ શકે? ભાજપ માટે એટલે જ એમ કહેવાય છે કે, લોકો માટે, લોકો ધ્વારા ચાલતી અને લોકોની પાર્ટી છે. ભાજપના દરેક નેતા તેના કાર્યકર છે અને કાર્યકર પણ અહીં નેતા છે. ત્યારે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના રકતથી સિંચાયેલ જનસંઘનું બીજ આજે ભાજપાના સ્વરૂપમાં વટવૃક્ષ બની સમગ્ર દેશમાં ફેલાયેલુ છે. ડો.શ્યામાપ્રસાદ મુખરજી અને પંડીત દીનદયાળ ઉપાધ્યાયજીએ ઉછરેલા જનસંઘના પાયા પર રચાયેલા અને અટલબીહારી બાજપાઈ અને લાલકૃષ્ણ અડવાણીએ નાંખેલા પાયા પર નરેન્દ્રભાઈ મોદીએ એક ભવ્ય ઈમારત ઉભી કરી છે. ત્યારે ભાજપ ધ્વારા ૨૦૧૫માં કરવામાં આવેલ ‘સદસ્યતા વૃધ્ધ અભિયાન’ ને અભૂતપૂર્વ સફળતા મળી તથા સદસ્યોની સંખ્યાની દષ્ટિએ ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની સમગ્ર રાષ્ટ્રમાં ૧૧ કરોડ કરતા વધારે તથા ગુજરાતમાં ૧.૧૫ કરોડ કરતા પણ વધારે સદસ્યો નોંધી ભાજપા ની યશકલગીમાં એક મોરપીછ ઉમેરાયુ, કાર્યકર્તાઓની મહેનત રંગ લાવી.છેલ્લા આઠ વર્ષોથી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને સમર્થ નેતૃત્વ પુરૂ પાડી રહયા છે. તેમના નેતૃત્વમાં ભારતે સમગ્ર વિશ્વમાં પોતાની આગવી પ્રતિભા ઉભી કરી છે.

# રાજકોટ માધાપર ચોકડીએ આપઘાત કરવા પ્રયાસ કરી રહેલી યુવતિને ‘શી’ ટીમે બચાવી



રાજકોટ,
રાજકોટ શહેર પોલીસના પશ્ચિમ વિભાગની શી-ટીમ સી ઝોન-૨ વિસ્તાસરમાં પેટ્રોલીંગમાં હતી ત્યોરે કન્ટ્રોલિ રૂમથી એક કોલ આવ્યોમ હતો કે એક મહિલા બેડી ચોકડીથી માધાપર ચોકડીના પૂલ પરથી આત્મહત્યા કરવાનો પ્રાયસ કરી રહી છે. આથી શી ટીમના ઈન્ચાએર્જ હેડકોન્સી. બંસીબેન, કોન્સા. પાયલબેન આહિર, અસ્મીતાબેન સહિતે ગણતરીની મિનીટોમાં પહોંચી એ મહિલાને શોધી કાઢી તેનુ કાઉન્સેનલીંગ કરી સમજાવતાં તેણે આત્મહત્યા કરવાનો વિચાર પડતો મુક્યોહિતો અને હવે પછી કદી આવુ નહિ કરે તેવી ખાત્રી આપી ઘરે પરત જવા રાજી થઇ હતી. ગૃહકલેશને કારણે તે આ પગલુ ભરવા નીકળી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ, એસીપી આર. એસ. બારીયાની સુચના મુજબ પીઆઇ આઇ. એન. સાવલીયાની રાહબરીમાં આ કામગીરી થઇ હતી.

# રાજકોટનાં હત્યા કેસમાં પકડાયેલા નવ આરોપીઓને કોર્ટે આજીવન કેદ ફટકારી

## કૌટુંબીક તકરારના કારણે આરોપીઓએ છરી-પાઈપના ઘા મારીને હત્યાબ થઈ હતી

રાજકોટ,
રાજકોટ શહેરમાં એસટી વર્કશોપ પાછળ આવેલા ખોડીયાર નગરમાં ૭ વર્ષ પહેલાં કૌટુંબીક તકરારના સમાધાન દરમિયાન બંને પક્ષ વચ્ચે થયેલી મારમારીમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું. જયારે સામે પક્ષે ઈજા પહોંચી હતી. બંને કેસની ફરિયાદ ચાલી જતા કોર્ટે હત્યા્ કેસમાં મળતક એક આરોપી સામેનો કેસ એબેટ કરી મહિલા સહિતના નવા આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. જયાટરે મારમારીની ક્રોસ ફરિયાદમાં મહિલા સહિત ત્રણ આરોપીને એક એક વર્ષની સજા અને રૂપિયા છ-છ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે

આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૬માં રાજકોટમાં શહેર ના ગોંડલ રોડ ઉપર એસટી વર્કશોપ પાછળ આવેલા ખોડીયારનગરમાં રહેતા પંકજભાઈ બાલુભાઈ વાળા નામના ૪૦ વર્ષના યુવકને પડોશમાં રહેતા કૌટુંબિક દેવા પરમાર નામના શખ્સે સાથે ઝઘડો થયો હતો જે ઝઘડાના સમાધાન માટે કલ્પેપશભાઈ બાલુભાઈ વાળા, તેના ભાઈ પંકજભાઈ બાલુભાઈ વાળા, રાજેશગીરી અને હીનાબેન સહિતના આરોપીઓના ઘરે ગયા હતા. ત્યાપરે આરોપી નવઘણ કાનજી વાળા, દેવાંગ ઉર્ફે દેવો દિનેશભાઈ પરમાર, સમજુબેન નવઘણભાઈ વાળા, રેખાબેન દિનેશભાઈ પરમાર, બાબુભાઈ કાનજીભાઈ વાળા, ભાવનાબેન બાબુભાઈ વાળા, પુનમબેન જયેશભાઈ વાળા, લાલજીભાઈ કાનજીભાઈ વાળા, કૌશિક નવઘણભાઈ વાળા અને આકાશ લાલજીભાઈ વાળા સહિતના શખ્સોઘએ છરી અને પાઈપ જેવા હથિયારો વડે હુમલો કરી માર્યો હતો. જે મારમારીમાં આરોપીઓએ પંકજ વાળાને પડખામાં છરીના ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા પંકજ વાળાનું મોત નીપજતા બનાવમાં હત્યા માં પલટાયો હતો. આ અંગે મળતક પંકજ વાળાના ભાઈ કલ્પોશભાઈ વાળાએ હત્યાપનો ગુનો નોંધાવ્યો હતોઆ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખવામાં આવેલા ઉચ્ચૂ અદાલતના ચુકાદાઓને ધ્યાકને લઈ એડિશનલ સેશન્સ જજ એસ.વી. શર્માએ હત્યા? કેસમાં લાલજીભાઈ કાનજીભાઈ વાળાનું ચાલુ કેસ દરમિયાન મળત્યુ થતા તેની સામેનો કેસ એબેટ કર્યો હતો જયામરે બાકીના મહિલા સહિતના નવ આરોપીઓને આજીવન અને મારામારીની ક્રોસ ફરિયાદમાં હીનાબેન સોઢા, કલ્પેહશ વાળા અને રાજેશગીરી મેઘનાથીને એક એક વર્ષની સજા અને રૂપિયા છ-છ હજારનો દંડ ફટકારતો હુકમ કરવામાં આવ્યોલ છે. હત્યાી કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ બીનલબેન રવેશિયા અને મારમારીની ક્રોસ ફરિયાદમાં સરકાર પક્ષે સ્મિળતાબેન અત્રી રોકાયા હતા.

# રાજકોટ એડવોકેટ દિલીપભાઈ પટેલના ઘરે પરસોત્તમ રૂપાલા સહિતના રાજકીય અગ્રણીની ઉપસ્થિતિ



રાજકોટ,
રાજકોટ સંસદીય ક્ષેત્રના ભા.જ.પ.ના ઉમેદવાર અને પુર્વ કેન્દ્રીયમંત્રીશ્રી પુરૂષોતમભાઈ રૂપાલા ભા.જ.પ. સ્થાપના દીને શનીવારે ધારાશા દિલીપ પટેલના નીવાસ સ્થાઆને સવારે ચા-નાસ્તોર કરવા ગયેલ અને આ સમયે માજી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, રાજયના કેબીનેટમંત્રી ભાનુબેન બાબરીયા, માજી. ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, માધુભાઈ બાબરીયા, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેબન્ડીંગ ચેરમેન જયમીન ઉપાધ્યાાય, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ ઉપાધ્યાક્ષ ભરત બોધરા સહીતના આગેવાનો ઉપસ્થિ?ત રહેલ હતા.

આ સમયે જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ ભુપત બોદર, પુર્વ સ્ટેડન્ડીંગ ચેરમેન નીતીન ભારદ્વાજ, જીલ્લા પંચાયતના પુર્વ કારોબારી ચેરમેન નાગદાન ચાવડા, પુર્વ જીલ્લા પ્રમુખ લાલજીભાઈ સાવલીયા, પુર્વ મેયર ધનસુખભાઈ ભંડેરી, કોર્પોરેટર અશ્વિન મોલીયા, નેહલ શુકલ, દેવાંગ માંકડ, હીરેન ખીમાણીયા, ડો. મોરજરીયા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન જયેશ બોધરા, યુવા ભા.જ.પ, પ્રમુખ કીશન ટીલવા, પુર્વ કોર્પોરેટર બાબુભાઈ મકવાણા, કશ્યકપ શુકલ, જે.ડી. ડાંગર, ધર્મેન્દ્ર મીરાણી, લીગલ સેલના અંશ ભારદ્વાજ, સી.એચ., પટેલ, વીરેન વ્યાસ, વિમલ ડાંગર, ધર્મેશ સખીયા, હીતેશ દવે, એ.જી.પી.દીલીપ મહેતા, પરાગ શાહ, અનીલ ગોગીયા, અતુલ જોષી, બીનલ રવેશીયા, સ્મિખતા અત્રી, પ્રશાંત પટેલ, મહેશ જોષી, સમીર ખીરા વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

# રાજકોટ સિંધી કરિયાણાના મર્ચન્ટ એસોસિયેશન દ્વારા ચેટિચાંદ ઉજવાશે

રાજકોટ,
રાજકોટ સિન્ધી કરિયાણા મરચંટ એસોસિયેશન ૫૫ વર્ષથી ચેટિચાંદ ઉજવે છે રાજકોટ સિન્ધી કરિયાણા મરચંટ એસોસિયેશન તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ તા ૧૦/૪ બુધવારે બપોરે ૪ વાગ્યે ગુમાનસિહ શોપિંગ સેન્ટર (જયુબિલી બાગ શાક માર્કેટ સામે) આગળ ચેટીચાંદ સિન્ધી દિવસ ધામધૂમથી ઉજવવામાં આવશે. અને સુખો સેસા ( ચણા પ્રસાદ) સમોસા પ્રસાદ અને શરબત વિતરણ કરવામાં આવશે બધા વેપારી તેમજ ભાઈઓ અને બહેનોને લાભ લેવા જાણવાવામાં આવ્યું છે આ દિવસે ૧૦ એપ્રિલ ના દિવસે સિન્ધી માતૃભાષા દિવસ પણ છે.

# રાજકોટ જિલ્લામાં ૬૬૫૭ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરાઇ

રાજકોટ,
રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ સંદર્ભે આદર્શ આચારસંહિતા અમલી છે. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્થળો પરથી અનધિકૃત પ્રચારાત્મક બેનરો, પોસ્ટરો, દિવાલ પરના લખાણ વગેરે દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેના અંતર્ગત તા. ૫ એપ્રિલ સુધીમાં ૭૧ - રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૦૦ અને ખાનગી મિલ્કતો પરથી ૨૭૯ મળી કુલ ૧૭૭૯ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. ૭૨ - જસદણ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૯૪ અને ખાનગી મિલ્કતો પરથી ૬૪૮ મળી કુલ ૨૨૪૨ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે.

૭૩ - ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૩૮૦ અને ખાનગી મિલ્કતો પરથી ૧૨૪ મળીને કુલ ૫૦૪ પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. ૭૪ - જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૭૯૭ અને ખાનગી મિલ્કતો પરથી ૬૦૦ મળીને કુલ ૧૩૯૭ પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. તેમજ ૭૫ - ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૨૭૧ અને ખાનગી મિલ્કતો પરથી ૪૬૪ મળી કુલ ૭૩૫ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે.

આમ, રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ, જેતપુર અને ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૬૬૫૭ અનધિકૃત પ્રચારાત્મક જાહેરાતો હટાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, કોઈ અનધિકૃત જાહેરાત જોવા મળે અથવા આચારસંહિતા ભંગ થતો જણાય તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૦૩૨૨ પર સંપર્ક અથવા સી-વિજીલ મોબાઈલ એપ્લીકેશન પર ફરિયાદ કરી શકાય છે.

# દેશમાં 4G ક્રાંતિ બાદ 5G સેવાઓની તૈયારીઓ શરૂ, ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારીઓ

નવીદિલ્હી,
દેશમાં ૪૮ ક્રાંતિ બાદ હવે ૫૮ સેવાઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દરમિયાન, સરકાર 5G સેવાઓથી સજ્જ ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારી કરી રહી છે. જેના કારણે લોકો ટૂંક સમયમાં અનુભવી શકશે કે 5G સેવાઓ કેવી રીતે કૃષિ, શિક્ષણ અને આરોગ્યને બદલી શકે છે. 5G ના આ મિશન વિશે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે ૫૮ સેવા હવે માત્ર શહેરોમાં જ નહિ પરંતુ ગામડાઓમાં પણ ક્રાંતિ લાવશે. હવે સરકાર ૫૮ સેવાઓથી સજ્જ ગામડાઓ બનાવવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે, પહેલું મોડલ




ડિજિટલ ગામ દિલ્હી NCR પાસે બનાવવામાં આવશે. જેનું કામ એપ્રિલના અંત સુધીમાં શરૂ થશે. ગામડાઓમાં કૃષિ ક્રાંતિમાં 5G સેવાનો ઉપયોગ કરવામાં આવશે. આ મોડેલ ગામમાં 5G સેવા નવી કૃષિ ક્રાંતિને જન્મ આપશે. જેના કારણે કૃષિ સિંચાઈ સંપૂર્ણપણે સ્વચાલિત થઈ જશે. જ્યારે ૫૮ દેશના ખેડૂતો માટે વરદાન સાબિત થશે, તો તે શિક્ષણના ક્ષેત્રમાં પણ ઘણી મદદ કરશે. બાળકો ડીજીટલ બોર્ડ અને ડીજીટલ ટેક્નોલોજીથી ૫જી ટેકનોલોજીથી અભ્યાસ કરશે. ત્યારે બાળકો માત્ર ૫૮ની મદદથી ભારત અને વિદેશના શિક્ષકો પાસેથી અભ્યાસ કરી શકશે. સ્વાસ્થ્ય સેવાઓમાં પણ 5G મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એમ્બ્યુલન્સ અને 5G સાથે જોડાયેલ અન્ય સુવિધાઓ ગામના આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ રહેશે. ૫૮ના આ મિશનને પૂર્ણ કરવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓ સાથે વાતચીત કરી હતી.

# PMની મુલાકાત પછી લક્ષદ્વીપના પર્યટન પર મોટી અસર પડી : પ્રવાસન અધિકારી ઈમ્થિયાસ મોહમ્મદ ટીબી

નવીદિલ્હી,
આ વર્ષે જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. જે પછી લક્ષદ્વીપની લોકપ્રિયતા ઘણી વધી ગઈ. લક્ષદ્વીપ પર્યટન અધિકારી ઈમ્થિયાસ મોહમ્મદ ટીબીએ જણાવ્યું હતું કે ટાપુની મુલાકાત કેવી રીતે લેવી તે અંગે પૂછપરછમાં વધારો થયો છે. જ્યારે પીએમ મોદીની મુલાકાતની અસર વિશે પૂછવામાં આવ્યું ત્યારે ઈમ્થિયાસે કહ્યું કે પીએમની મુલાકાત પછી લક્ષદ્વીપના પ્રવાસન પર મોટી અસર થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લક્ષદ્વીપ આવવા માટે માત્ર રાષ્ટ્રીય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાંથી પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. પ્રવાસન વિભાગની ભાવિ પહેલ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે લક્ષદ્વીપ વધુ ક્રુઝ શિપ કંપનીઓને પ્રોત્સાહન આપવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે જ્યારે એર કનેક્ટિવિટી સુધરશે, ત્યારે તે પ્રવાસીઓના પ્રવાહને વેગ આપશે. મુંબઈના પ્રવાસી અમન સિંહે કહ્યું કે, અમે લાંબા સમયથી લક્ષદ્વીપ આવવા ઈચ્છતા હતા પરંતુ ટાપુ સાથે જોડાયેલી ઘણી માન્યતાઓ હતી પરંતુ પીએમ મોદીની મુલાકાતની એવી અસર થઈ કે લક્ષદ્વીપ આવવું શક્ય બન્યું. દિલ્હીના રહેવાસી સુમિત આનંદ નામના અન્ય પ્રવાસીએ કહ્યું કે તેઓ હંમેશા લક્ષદ્વીપ ટાપુની મુલાકાત લેવા માંગતા હતા, પરંતુ પીએમ મોદીની તસવીરો અને વીડિયો જોયા બાદ જ તેમણે દ્વીપસમૂહને પોતાનું આગલું સ્થળ બનાવ્યું. અગાઉ ૪ જાન્યુઆરીએ વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપની મુલાકાતે સમગ્ર વિશ્વનું ધ્યાન આ દ્વીપસમૂહ અને તેની વિશાળ પ્રવાસન ક્ષમતા તરફ ખેંચ્યું છે.

# તિહાર જેલમાં સંજય સિંહનું વજન ૬ કિલો જેટલું વધી ગયું

નવીદિલ્હી,
આપ સાંસદ સંજય સિંહ ૩ એપ્રિલે ૧૮૧ દિવસ બાદ તિહાર જેલમાંથી બહાર આવ્યા હતા. બુધવારે રાત્રે ૮.૩૦ કલાકે તેને મુક્ત કરવામાં આવ્યો હતો. જે બાદ સંજય સિંહ સતત ભાજપ પર પ્રહારો કરી રહ્યા છે. આપ સાંસદ સંજય સિંહે દારુ કૌભાંડને ભાજપનું યોગદાન ગણાવ્યું છે. જામીન મળ્યાના બે દિવસ બાદ શુક્રવારે સાંસદે આરોપ લગાવ્યો કે વાસ્તવિક કૌભાંડ ઈડીની તપાસ બાદ શરૂ થયું.

બીજી તરફ તિહાર જેલ પ્રશાસને દાવો કર્યો છે કે આપ સાંસદ સંજય સિંહનું જેલમાં રોકાણ દરમિયાન વજન વધી ગયું છે. તિહાર જેલ પ્રશાસનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે સંજય સિંહ ૧૩ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ જેલમાં પહોંચ્યા ત્યારે તેમનું વજન ૭૬ કિલો હતું. જ્યારે તે જેલમાંથી બહાર આવ્યો ત્યારે તેનું વજન ૮૨ કિલો હતું. એ જ રીતે તેનું બ્લડ પ્રેશર જે પહેલા ૧૫૩/૧૦૩ હતું તે ઘટીને ૧૩૬/૭૦ થઈ ગયું. તિહાર જેલમાં લગભગ છ મહિનાના રોકાણ દરમિયાન સંજય સિંહનું વજન લગભગ છ કિલોગ્રામ વધી ગયું હતું, જ્યારે તેમનું બીપી ઘટી ગયું હતું.

# તૂટેલા પુલને ફરીથી બનાવવા માટે સ્વર્ગ અને પૃથ્વીને એક કરશે; બિડેનનું વચન

વોશિંગ્ટન,
રાષ્ટ્રપતિ જો બિડેને બાલ્ટીમોરમાં તૂટેલા ફ્રાન્સિસ સ્કોટ બ્રિજની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે અમે પુલને ફરીથી બનાવવા માટે સ્વર્ગ અને પૃથ્વીને એક કરીશું. બિડેને કહ્યું, 'મિત્રો, આ પુલને શક્ય તેટલી ઝડપથી ફરીથી બનાવવા માટે અમે સ્વર્ગ અને પૃથ્વીને ખસેડવા જઈ રહ્યા છીએ.' અમેરિકી રાષ્ટ્રપતિએ નુકસાનને વિનાશક ગણાવ્યું અને કહ્યું, "અમે પુલના પુનઃનિર્માણમાં મદદ કરવા માટે બનતું બધું કરીશું." ફેડરલ સરકાર શ્રમ અને બાંધકામ સામગ્રીનો ખર્ચ પણ ઉઠાવશે.



ધ હિલ અનુસાર, મેરીલેન્ડની મુલાકાત લેનાર બિડેને તૂટેલા પુલને કારણે થયેલા નુકસાનનો સ્ટોક લીધો હતો. સ્થળનું નિરીક્ષણ કરતાં તેણે કહ્યું, 'હું અહીં તમારા લોકો માટે આવ્યો છું. આ મુશ્કેલ સમયમાં આખો દેશ તમારી સાથે છે. "નુકશાન વિનાશક છે અને અમે તેનાથી ખૂબ જ દુઃખી છીએ," બિડેને ગયા મહિનાના અંતમાં પુલ તૂટી પડવાના કારણે મૃત્યુ પામેલા છ લોકોનો ઉલ્લેખ કરતા કહ્યું.

બંદર સીધી રીતે ૧૫,૩૦૦ નોકરીઓ પૂરી પાડે છે, જ્યારે અન્ય ૧૪૦,૦૦૦ લોકો આ પ્રદેશમાં બંદર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. રિપોર્ટ અનુસાર, નોકરીઓ ઈ૩.૩ બિલિયન (આશરે રૂ. ૨.૭૪ ટ્રિલિયન) ની આવક પેદા કરે છે. બાલ્ટીમોર બંદરે મંગળવારે જણાવ્યું હતું કે તે સ્પષ્ટ નથી કે જહાજનો ટ્રાફિક કેટલો સમય સ્થગિત રહેશે.

# લિવ-ઈન રિલેશનશિપ બાદ બ્રેકઅપ થશે તો ખર્ચો આપવો પડશે: હાઈકોર્ટ

ભોપાલ,
મધ્યપ્રદેશ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપના કેસમાં મહિલાઓને અધિકાર આપવાની દિશામાં મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું છે કે, જો લિવ-ઈન-રિલેશનશિપમાં રહ્યા બાદ બ્રેકઅપ થશે તો મહિલા ભરણ-પોષણ મેળવવા હક્કદાર છે. હાઈકોર્ટે એક અરજીની સુનાવણી દરમિયાન કહ્યું કે, જો કોઈ મહિલાના પુરુષ સાથે લાંબો સમય સંબંધો હોય અને પછી તેઓ જુદા થઈ ગયા હોય, તો તે મહિલા મહિલા ભરણ-પોષણ મેળવવા માટે હક્કદાર છે. ભલે તેમણે કાયદેસર લગ્ન કર્યા ન હોય. વાસ્તવમાં બાલાઘાટ જિલ્લા અદાલતે લિવ-ઈન રિલેશનશીપના કેસમાં મહિલાની તરફેણમાં નિર્ણય આપી અરજદાર શૈલેષ બોપચેને ૧૫૦૦ રૂપિયા ભરણ-પોષણ આપવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદ તે આદેશને બોપચેએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજદાર યુવક મહિલા સાથે લિવ-ઈન રિલેશનશીપમાં રહેતો હતો. યુવકે હાઈકોર્ટમાં એવો આધાર રજુ કર્યો હતો કે, મહિલાએ મંદિરમાં લગ્ન થયા હોવાનો દાવો કર્યા બાદ જિલ્લા અદાલતમાં સાબિત કરી શકી નથી, તેમ છતાં તેની અરજી સ્વિકારવામાં આવી. જોકે હાઈકોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી

બોપચેના વકીલે કોર્ટમાં કહ્યું કે, મહિલા તેની કાયદેસરની પત્ની નથી, તેથી સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ ભરણ-પોષણ મેળવવા હક્કદાર નથી.

# યુએન હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં ઈઝરાયેલ વિરુદ્ધ ઠરાવ: ભારત સહીત તેર દેશોએ રાખ્યું અંતર

યુએન,
ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી યુદ્ધ ચાલી રહ્યું છે, જેના કારણે ૫ એપ્રિલ, શુક્રવારના રોજ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ઈઝરાયેલ વિરુદ્ધ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. માનવાધિકાર પરિષદના આ ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલે ગાઝામાં યુદ્ધ અપરાધ અને માનવતા વિરુદ્ધ અપરાધ કર્યા છે, જેના માટે તેને જવાબદાર ઠેરવવો જોઈએ. તમને જણાવી દઈએ કે, ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં રજૂ કરેલા આ પ્રસ્તાવથી અંતર જાળવી રાખ્યું હતું. ભારતે શુક્રવારે માનવાધિકાર પરિષદમાં એક ઠરાવને અવરોધિત કર્યો હતો જેમાં ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરવામાં આવી હતી અને એ પણ માંગ કરી હતી કે ઈઝરાયલ તરત જ ગાઝા પટ્ટીની ગેરકાયદેસર નાકાબંધી હટાવે. ૨૮ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં, ૬ વિરોધમાં અને ૧૩ દેશોએ તેનાથી અંતર રાખ્યું હતું. માત્ર ભારત જ નહીં પરંતુ ભારત, ફ્રાન્સ, જાપાન, નેધરલેન્ડ અને રોમાનિયા સહિત ૧૩ દેશોએ આ પ્રસ્તાવ પર પ્રતિબંધ મૂક્યો હતો. ઠરાવની વિરુદ્ધ મતદાન કરનારાઓમાં આર્જેન્ટિના, બલ્ગેરિયા, જર્મની અને અમેરિકાનો સમાવેશ થાય છે. ઠરાવની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં બાંગ્લાદેશ, બેલ્જિયમ, બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા, કુવૈત, મલેશિયા, માલદીવ, કતાર, દક્ષિણ આફ્રિકા, સંયુક્ત આરબ અમીરાત અને વિયેતનામનો સમાવેશ થાય છે. ઠરાવમાં માંગ કરવામાં આવી હતી.

# અમરનાથ યાત્રાને લઈને તૈયારીઓ શરૂ, ૧૫ એપ્રિલથી થશે રજિસ્ટ્રેશન

નવીદિલ્હી,
મે મહિનાથી ચારધામ યાત્રાની શરૂઆત થઈ રહી છે. તો બીજી તરફ અમરનાથની યાત્રા માટે પણ તૈયારીઓ તેજ કરવામાં આવી છે. ૧૫ એપ્રિલ,૨૦૨૪થી અમરનાથ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ થશે. ત્યારે આ યાત્રામાં કોઈ અગવડતા ન પડે તે માટે બીઆરઓ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

પવિત્ર અમરનાથ યાત્રાના ટ્રેકની જાળવણીની જવાબદારી બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનને આપવામાં આવી છે. પવિત્ર યાત્રા સામાન્ય રીતે જૂન અથવા જુલાઈ મહિનામાં ગાંદરબલ જિલ્લાના બાલતાલથી શરૂ થાય છે. યાત્રાળુઓ ૧૫ કિલોમીટર લાંબા દુર્ગમ માર્ગ પર ચઢીને પવિત્ર ગુફા સુધી પહોંચે છે. જેને લઈને હાલમાં બીઆરઓ દ્વારા રસ્તો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. બરફથી ઢંકાયેલા રસ્તાને ખૂલ્લા કરવામાં આવી રહ્યા છે.

બીઆરઓએ ટ્રેક પરથી બરફને રસ્તા પરથી ખસેડવાનું કામ શરૂ કર્યું છે. બાલતાલ બેઝ કેમ્પથી અમરનાથ ગુફા સુધીના માર્ગ પર અદ્યતન ટેકનોલોજીથી સજ્જ મશીનરી અને સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.

# કતારમાં રહેતા ભારતીય મિકેનીક રમેશ કન્નનને રુપિયા ૨૨ કરોડની લાગી લોટરી

(એ.આર.એલ),દોહા,તા.૬
કતારમાં રહેનાર ભારતીય રમેશ કન્નનને લકી ડ્રોમાં જેકપોટ હાંસલ કર્યો છે. અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઈવ ડ્રો સીરીઝ ૨૬૨માં રમેશને ૧ કરોડ દિરહમ(લગભગ ૨૨ કરોડ ભારતીય રુપિયા)નું ઈનામ લાગ્યું છે. રમેશ છેલ્લા ૧૫ વર્ષથી કતારમાં રહે છે. કતારને પોતાનું ઘર માનનાર મિકેનિકલ ટેકનિશિયન રમેશનું કહેવું છે કે આ જેકપોટ પછી તેના આનંદનો કોઈ પાર નથી.રમેશે વધુમાં કહ્યું કે રમજાનના પવિત્ર મહિનામાં જીત હાંસલ કરીને ખુદને ધન્ય માની રહ્યો છું. મને જીતની આશા હતી અને દરેક મહિને હું પ્રાર્થના કરતો હતો કે હું જીતું. ગત મહિને ભવ્ય પુરસ્કાર જીતવાથી ફક્ત એક નંબર પાછળ હતો. મારી પાસે એક આંકડો છોડીને સંખ્યાઓનો સમાન



ક્રમ હતો. મને ત્યારે થોડું દુખ થયું હતું, પરંતુ મને ખાતરી હતી કે હું એક દિવસ જીતીશ. છેવટે એ દિવસ આવ્યો અને મને ઈનામ મળ્યું. આટલી મોટી રકમ જીતવા માટે તેણે અત્યાર સુધીમાં લોટરી ખરીદવા માટે ઘણાં નાણાં નો વ્યય પણ કર્યો છે. જોકે હવે એકસાથે આટલી જંગી રકમ જીતતાં તેને અગાઉ ગુમાવેલા નાણાં અંગે કોઈ પસ્તાવો નથી.

# કર્ણાટકમાં મતદારોને રીઝવવા નેતાઓએ પાન-મસાલા, ગુટખા વહેંચવાનું શરુ કર્યું

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી દરમિયાન ઉમેદવારો મતદારોને આકર્ષવા અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ આ વખતે ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે તમાકુ, ખુશબુદાર ગુટખા, સ્માર્ટ ટીવી જેવી ચીજો પણ ઓફર કરી રહ્યા છે. જાણકારનો કહેવા પ્રમાણે ચૂંટણીમાં લ્હાણી તરીકે પાન-મસાલાનો આપવા સામાન્ય નથી. સામાન્ય રીતે લોકોને કપડાંની ઓફર કરવામાં આવે છે.મુખ્ય ચૂંટણી અધિકારી વેંક્ટેશ કુમારે જણાવ્યું કે, જપ્ત કરાયેલી સામગ્રીમાં કુકર,



મિક્સર, સાડીઓ, ચુડીદાર, દુપટ્ટા અને ટ્રાઉઝર સામેલ છે. બિદર, શિવમોગા, ચિકમંગલુરુ અને ગુલબર્ગા આ લિસ્ટમાં સૌથી ઉપર છે. ગેરકાયદે વહેંચવામાં આવી રહેલા આ સામાન જપ્ત કરીને પર પોલીસે ધરપકડની કાર્યવાહી શરુ કરી છે. રિપોર્ટ અનુસાર, પોલીસે શિવમોગામાં ચોખા, મીઠુ અને તેલના પાઉચ પણ પકડ્યા છે.

# મહારાષ્ટ્રમાં, સમગ્ર ચૂંટણી કવાયત શિવાજી મહારાજની આસપાસ ફરે છે, તકનો લાભ લેવાનો પ્રયાસ

## મહારાષ્ટ્રનો મુખ્ય તહેવાર ગુડી પડવો ૯મી એપ્રિલે છે આવી સ્થિતિમાં પોસ્ટર અને બેનરો લગાવી દેવાયા છે

મુંબઈ,
મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણો વચ્ચે રાજકીય પક્ષો પોતાની તાકાત બતાવવાની કોઈ તક છોડી રહ્યાં નથી. લોકસભા ચૂંટણી (૨૦૨૪) ની વચ્ચે, તમામ રાજકીય પક્ષો રાજ્યના મુખ્ય તહેવારોમાંના એક "ગુડી પડવા" (ગુડી પડવા ૨૦૨૪) પર મરાઠી મતદારોને ઉત્સાહિત કરવા માટે ભવ્ય તૈયારીઓ કરી રહ્યા છે. ભાજપથી લઈને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને શિવસેનાના ઉદ્ધવ જૂથ સુધી દરેક આ તકનો લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. મરાઠી મતોની ગણતરી કરતા રાજકીય પક્ષો હિન્દુત્વની પીચ પર મોટા શોટ રમવાની તૈયારી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, ચૂંટણીની મોસમમાં મતદારોના હૃદયમાં સ્થાન બનાવવાની સૌથી મોટી તક છે - ગુડી પડવો.

મહારાષ્ટ્રનો મુખ્ય તહેવાર ગુડી પડવો ૯મી એપ્રિલે છે. આવી સ્થિતિમાં પોસ્ટર અને બેનરો લગાવી દેવાયા છે અને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ગુડી પડવાને મરાઠી નવા વર્ષની શરૂઆત માનવામાં આવે છે. હિંદુ નવું વર્ષ પણ આ દિવસથી શરૂ થાય છે. આ અંગે તમામ રાજકીય પક્ષો પોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે.

આ દિવસે મરાઠી સમુદાયના લોકો તેમના ઘરની બહાર સમૃદ્ધિનું પ્રતીક ગુડી બાંધે છે અને તેની પૂજા કરે છે. એવું માનવામાં આવે છે કે આ આખા વર્ષ માટે સુખ, સફળતા અને સમૃદ્ધિ લાવે છે.

# સાતથી વધુ દેશોમાં કેજરીવાલના સમર્થનમાં દેખાવો થશે, મુખ્યમંત્રીની મુક્તિની કરાશે માંગ

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડનો મામલો જોર પકડી રહ્યો છે. રવિવારે વિદેશોમાં પણ મુખ્યમંત્રીની ધરપકડના વિરોધમાં દેખાવો થશે. આપ સમર્થકો જે દેશમાં ભારતીયો વસે છે ત્યાં મુખ્યમંત્રીની ધરપકડનો વિરોધ કરશે. આમાં આપ સમર્થકો અમેરિકા, જર્મની, કેનેડા, સ્વીડન, યુનાઈટેડ કિંગડમ, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ સહિત ઘણા દેશોમાં એકઠા થશે અને પોતાનો વિરોધ નોંધાવશે.

આ પ્રદર્શન એ અર્થમાં પણ મહત્વનું છે કે અત્યાર સુધી અમેરિકા અને જર્મન સરકારોની સાથે સંયુક્ત રાષ્ટ્ર પણ આ મુદ્દે નિવેદન આપી ચૂક્યું છે. પાર્ટીનું કહેવું છે કે કેજરીવાલની ધરપકડ બાદ વિદેશમાં રહેતા ભારતીયો પોતાના દેશના વાતાવરણને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમની વચ્ચે બેઠકો પણ થઈ છે. મુખ્યમંત્રીને મુક્ત કરવાની માંગ કરી હતી. તે જ સમયે યુકેમાં રહેતા એક ભારતીયે મોબાઈલ પર વાત કરતા જણાવ્યું કે તેનો પરિવાર દિલ્હીમાં રહે છે. કેજરીવાલની ધરપકડથી વિદેશમાં રહેતા ભારતીયો પણ ચિંતિત છે. ૭ એપ્રિલે તેઓ જે દેશમાં રહે છે ત્યાં પોતાનો અવાજ બુલંદ કરશે.

# અશોક ગેહલોતના સંબંધીને ૩.૬૭ કરોડમાં ૧૫ કરોડ રૂપિયાની જમીન આપવામાં આવી!

જયપુર,
લોકસભા ચૂંટણી દરમિયાન જોધપુરથી મોટી ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. આ મામલો પૂર્વ સીએમ અશોક ગેહલોત સાથે જોડાયેલો છે. આવી સ્થિતિમાં તે સતત હેડલાઈન્સમાં રહે છે. આરોપ છે કે પૂર્વ સીએમ અશોક ગેહલોતના સંબંધીને ૧૫ કરોડ રૂપિયાની જમીન ૩.૬૭ કરોડ રૂપિયામાં આપવામાં આવી હતી. જોધપુર ડેવલપમેન્ટ ઓથોરિટી (જેડીએ) તરફથી આ મામલો સામે આવ્યો છે. પૂર્વ સીએમ ગેહલોત જોધપુરના



રહેવાસી છે. એવું સામે આવ્યું છે કે તેણે જોધપુરથી તેના એક સંબંધીને કરોડોની કિંમતની જમીન તગડી કિંમતે આપી હતી. ચૂંટણી દરમિયાન પ્રકાશમાં આવેલા આ મામલાથી રાજ્યમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

જોધપુર ડેવલપમેન્ટ ઓથોરિટી પર પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતના સંબંધીને ૧૫ કરોડ રૂપિયાની જમીન હરાજી વગર ૩.૬૭ કરોડ રૂપિયામાં ફાળવવાનો આરોપ છે. મામલો સામે આવ્યા બાદ મુખ્યમંત્રી ભજનલાલ શર્માની ઓફિસના સીએમઓએ પણ આ અંગે તથ્યપૂર્ણ રિપોર્ટ માંગ્યો છે. જે બાદ એવી આશા રાખવામાં આવી રહી છે કે ચૂંટણી બાદ આ મામલે મોટી કાર્યવાહી કરવામાં આવશે.

# સપા નેતાએ મુખ્તાર અન્સારીની સહાનુભૂતિમાં પોસ્ટર લગાવ્યા

## મુસ્લિમોને ઈદ ન ઉજવવાની અપીલ કરી

લખનૌ,
માફિયા મુખ્તાર અંસારી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા સમાજવાદી પાર્ટીના કાર્યાલયની બહાર પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આ પોસ્ટર પર મુખ્તાર અન્સારી સાથે સમાજવાદી પાર્ટીના નેતા રામ સુધાકર યાદવની તસવીર લગાવવામાં આવી છે. આ પોસ્ટરમાં લખવામાં આવ્યું છે કે મુસ્લિમ ભાઈઓએ આ વખતે ઈદની ઉજવણી ન કરવી જોઈએ. તેણે મુખ્તાર અન્સારી માટે દુઆ માંગી.રામ સુધાકર યાદવ, જેમના નામે પોસ્ટરમાં આ અપીલ કરવામાં આવી છે, તે મુલાયમ સિંહ યાદવ યુવા બ્રિગેડના પૂર્વ રાજ્ય સચિવ રહી ચૂક્યા છે. સમાજવાદી પાર્ટીના કાર્યાલય પર લાગેલું આ પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. રામ સુધાકર યાદવે મુસ્લિમોને ઈદના દિવસે ઈદગાહ પર મૌન જાળવવા કહ્યું.

# દિલ્હીમાં બાળ તસ્કરીનો પર્દાફાશ: કેશવપુરમમાં બે નવજાત શિશુ અને આઠ બાળકો ઝડપાયા

નવીદિલ્હી,
બાળકોની તસ્કરીના મામલામાં દિલ્હીના ઘણા વિસ્તારોમાં સીબીઆઈના દરોડા ચાલુ છે. સીબીઆઈની ટીમે દરોડા દરમિયાન કેશવપુરમ વિસ્તારના એક ઘરમાંથી બે નવજાત શિશુઓ અને આઠ બાળકોને બચાવ્યા છે. આ કેસમાં હોર્સ ટ્રેડિંગ સાથે સંકળાયેલા કેટલાક લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોમાં હોસ્પિટલના વોર્ડ બોય સહિત કેટલીક મહિલાઓ અને પુરુષોનો સમાવેશ થાય છે. સીબીઆઈએ ગઈકાલે સાંજે દિલ્હી-એનસીઆરમાં ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન સીબીઆઈની ટીમે કેશવપુરમના એક ઘરમાંથી બે નવજાત બાળકોને બચાવ્યા હતા.

સીબીઆઈ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં નવજાત બાળકોની ખરીદી અને વેચાણનો મામલો હોવાનું જણાય છે. હાલમાં સીબીઆઈની ટીમ આ કેસમાં બાળકોને વેચનાર મહિલા અને તેમને ખરીદનાર વ્યક્તિની પૂછપરછ કરી રહી છે. આ કેસમાં સીબીઆઈએ એક મહિલા સહિત કેટલાક લોકોની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે.દિલ્હીની કેટલીક મોટી હોસ્પિટલોમાંથી બાળકો ગુમ થયાના સમાચાર આવ્યા હતા, જે બાદ ઝ્રમ્ૈંએ ઘણી જગ્યાએ દરોડા પાડ્યા હતા અને એક મહિલા સહિત કેટલાક લોકોની અટકાયત કરી છે.

# ઈ.વી.એમ. અને વી.વી.પેટ વિવિધ રાજકીય પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગરૂમમાં સીલ

## ઘંટેશ્વર સ્થિત ઇ.વી.એમ.વેર હાઉસ ખાતે કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં ઝીરો એરર સાથે ૫૦૦ થી વધુ કર્મચારીઓ દ્વારા થયેલ કામગીરી






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ગઈ કાલે સેકન્ડ રેન્ડમાઈઝેશન સંપન્ન થયા બાદ આજે સવારે ઇ.વી.એમ. યુનિટ અને વી.વી.પેટની સંબંધિત વિધાનસભા મતદાર વિભાગો(એ.સી.)ને ફાળવણી કરાઇ હતી, અને નિયત સ્ટ્રોંગરૂમમાં કડક સુરક્ષા અને ચુસ્ત બંદોબસ્ત સાથે સંબંધિત મતદાર વિભાગોના વિવિધ રાજકોય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ઇ.વી.એમ. યુનિટ અને વી.વી.પેટને આ સ્ટ્રોંગરૂમમાં સીલ કરાયા હતા.


જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પ્રભવ જોષીની ઉપસ્થિતિમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે.મુછારે ઘંટેશ્વર સ્થિત ઇ.વી.એમ.વેર હાઉસ ખાતે ઝીરો એરર સાથે ૫૦૦થી વધુ કર્મચારીઓને ઇ.વી.એમ. યુનિટ અને વી.વી.પેટની ફાળવણીનો પ્રારંભ કરાવ્યો હતો. ઈલેકશન કમિશન ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા મુજબ રેન્ડમાઇઝેશનમાં બેલેટ યુનિટ ૧૨૫ ટકા, કંટ્રોલર યુનિટ ૧૨૫ ટકા અને વી.વી.પેટ ૧૩૫ ટકા લેખે તમામ વિધાનસભા મતદાર વિભાગો માટે ફાળવવામાં આવ્યા હતા, જે તમામની આજે સંબંધિત બેઠકોના ચૂંટણી અધિકારીઓને સોંપણી કરવામાં આવી હતી. પ્રત્યેક યુનિટની નોંધણી કરાયા બાદ વ્યવસ્થિત ચકાસણી કરીને જ આ યુનિટસ સ્ટ્રોન્ગ રૂમમાં મોકલવા માટે નિયત વાહનોમાં ગોઠવવામાં આવ્યા હતા.

૬૮-રાજકોટ પૂર્વ બેઠક માટે શ્રી પી.એન્ડ ટી.વી.શેઠ હાઈસ્કુલ, ૬૯-રાજકોટ પશ્ચિમ બેઠક માટે શ્રી એસ.વી.વિરાણી હાઈસ્કુલ, ૭૦-રાજકોટ દક્ષિણ બેઠક માટે શ્રી રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ, ૭૧-રાજકોટ ગ્રામ્ય બેઠક માટે શ્રી એ.એસ.ચૌધરી હાઈસ્કુલ, ૭૨-જસદણ બેઠક માટે શ્રી મોડેલ સ્કુલ-જસદણ, ૭૩-ગોંડલ બેઠક માટે શ્રી સંગ્રામસિંહજી હાઈસ્કુલ-ગોંડલ, ૭૪ જેતપુર બેઠક માટે સેન્ટ ફ્રાન્સીઝ સ્કુલ-જેતપુર અને ૭૫ ધોરાજી બેઠક માટે શ્રી ભગવતસિંહજી હાઈસ્કુલ-ધોરાજી ખાતેના સ્ટ્રોગરૂમ નિયત કરાયા છે, જયાં આ તમામ ઇ.વી.એમ., બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વી.વી.પેટને સંબંધિત બેઠકોના રાજકીય પક્ષોના ઉમેદવારોની ઉપસ્થિતિમાં વિધિવત રીતે સીલ કરવામાં આવ્યા હતા.

આ કાર્યવાહીમાં આસીસ્ટન્ટ રીટન'ગ ઓફિસર્સ સર્વશ્રી રાજેશ્રી વંગવાણી, શ્રી નિશા ચૌધરી, શ્રી ચાંદની પરમાર, શ્રી વિમલ ચક્રવર્તી, શ્રી ગ્રીષ્મા રાઠવા, શ્રી રાહુલ ગમારા, શ્રી જય ગોસ્વામી અને શ્રી જે.એન.લીખીયા, મામલતદારશ્રી દવે અને શ્રી ચૌહાણ, નાયબ મામલતદારો, તથા કર્મચારીઓ સામેલ થયા હતા.

# રાજકોટમાં જાહેરમાં કચરો ફેકનારા સફાઇ કામદાર સહિત બેને દંડ ફટકારાયો

## માર્ગોમાં પાન ફાકો ખાઈ થૂંકતા વધુ ચારને ઇ- ચલણ દંડ



રાજકોટ,

'સ્વચ્છૂતા હી સેવા' અભિયાન અંતર્ગત (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) દ્વારા, તા.૦૫-૦૪-૨૦૨૪ ના રોજ ૦૪ વ્યક્તિંઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા, અને પ્રતિબંધિત પ્લાસ્ટીરક વાપરનારા બે વેપારીઓને રૂપિયા ૨૦૦૦/- દંડ તેમજ ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા એક ૧૦૦૦ તેમજ એક સફાઈ કામદારને રૂપિયા ૫૦૦ દંડ કરવામાં તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરાયો.

શહેરમા સફાઈ અંગે જાગળતિ આવે અને શહેરને પ્લાસ્ટીયક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઈ અંગે જાગળતિ આવે તે માટે ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લોસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરનારે સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાત ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જે અંતર્ગત તા.૦૫-૦૪-૨૦૨૪ ના રોજ ૦૪ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગિરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલના આદેશ અને નાયબ કમિશનરશ્રીના સુપરવિઝન હેઠળ, કમાંડ એન્ડક કંટ્રોલ સેન્ટરના નોડલ ઓફિસરશ્રી વત્સલ પટેલ તેમજ તાબા હેઠળનાં સ્ટાળફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવેલ હતી

# રાજકોટની રૈયા ચોકડી નજીક વૃધ્ધ બેભાન મળ્યા: રોકડ રકમ ગાયબ

## સાયલાથી રાજકોટ આવ્યા બાદ હાથ પર ઈજા જેવા નિશાન : મારકૂટની શંકા



રાજકોટ,

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ ગોપાલ ચોક પાસે નટરાજનગર બાલમુકન્દ સોસાયટી-૧માં રહેતાં ૮૦ વર્ષના મેરાભાઇ નાનુભાઇ સભાડ ગઇકાલે બપોરે સાયલાથી રાજકોટ આવ્યા બાદ રૈયા ચોકડી નજીક મોમાઇ હોટેલ પાસેથી બેભાન મળતાં સારવાર માટે દાખલ કરાયા છે. તેમની પાસેની રોકડ રકમ ગાયબ હોઇ અને બંને હાથમાં ચાંભા જેવા નિશાન હોઇ પરિવારજનોએ મારકુટની શંકા દર્શાવતા તબિબે રીટ્રોગેટ એમએલસી જાહેર કરી પોલીસને જાણ કરી હતી.

મેરાભાઇ નાનુભાઇ સભાડ ચાર દિવસ પહેલા ભાણેજની ખબર પુછવા સાયલા ગયા હતાં. ત્યાંજ રોકાણ કર્યા બાદ ગઇકાલે સવારે ત્યાંદથી બસમાં બેસી રાજકોટ આવવા રવાના થયા હતાં. એ દરમિયાન બપોરે એકાદ વાગ્યેપ તે રૈયા ચોકડી નજીક બેભાન પડયા હોઇ એક સગા ઓળખી જતાં તેણે તેના પુત્ર-પૌત્ર સહિતને જાણ કરતાં બધા ત્યાંચ પહોંચ્યાય હતાં. ત્યારે તેઓ બેભાન જેવા હતાં. તેમને તડકો લાગી ગયાનું સમજી ઘરે લઇ જઇ સ્નાોન કરાવ્યું હતું. આમ છતાં ભાનમાં ન આવતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં.

મેરાભાઇને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. પુત્ર વહાણભાઇએ કહ્યું હતું કે બાપુજી હમેંશા ખિસ્સામાં સાત આઠ હજારની રોકડ રાખતા હતાં. આ રકમ તે બેભાન મળ્યુા ત્યોરે ગાયબ હતી. વળી બંને હાથના બાવડા કોઇએ પકડયા હોઇ એ રીતે ચાંભા પડી ગયા હોઇ મારકુટ થયાની અમને શંકા ઉપજી હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ અને ધર્મેન્દ્રભાઇ હુદડે ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરતાં તપાસ શરૂ થઇ છે.

# રાજકોટ મેંગો માર્કેટમાં કારખાનામાંથી દાગીનાની ચોરી કરનાર ત્રીપુટી પકડાઇ



રાજકોટ,

રાજકોટનાં કુવાડવા રોડ પર મેંગો માર્કેટમાં આવેલા કારખાનામાં રૂા. ૧.૦૨ લાખના પીતળનાં દાગીનાની ચોરી કરનારા ત્રણ શખ્સોને બી-ડીવીઝન પોલીસે બાતમીના આધારે પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ કુવાડવા રોડ પર મેંગો માર્કેટમાં વિનોદભાઇ પરસોતમભાઇ લીંબાસીયા (રહે. શ્યાદમ પાર્ક) ના અર્થવ એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં તા. ૩૦/૩ના રોજ તસ્કરો કારખાનાની દીવાલ ટપી કારખાનાના દરવાજાની બાજુની દીવાલમાં બાકોરૂં પાડી રૂા. ૧.૦૨ લાખના ૮૫ કિલો પીતળના દાગીનાની ચોરી ગયાની ફરિયાદ બી ડીવીઝન પોલીસ મથકમાં થઇ હતી.

આ બનાવમાં તસ્કરોને ઝડપી લેવા માટે પી.આઇ. એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. કે. ડી. મારૂ સહિતના સ્ટીફ તપાસ હાથ ધરી હતી. દરમ્યાઝન હેડ કોન્સઇ. ક્રિપાલસિંહ જાડેજા, કોન્સ. વિશ્વજીતસિંહ ઝાલા અને જગદીશભાઇ વાંકને બાતમી મળતા કારખાનામાંથી પીતળના દાગીનાની ચોરી કરનારા નાકરાવાડી ગામના રાહુલ ભાવસિંગ દંતેસરીયા (ઉ.વ.૨૪), ભરત મનુભાઇ બાણોધરા (ઉ.વ. ૨૬) અને અજય ઉર્ફે પ્રકાશ જેન્તીલભાઇ સારોલા (ઉ.વ. ૨૨) ને પકડી લઇ રૂા. ૧,૦૨ લાખના ૮૫ કિલો પીતળના દાગીના કબ્જે કર્યા હતા.

આ કામગીરી પી.આઇ. એસ. એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. કે. ડી. મારૂ, હેડ કોન્સ . ક્રિપાલસિંહ જાડેજા, રાજેશભાઇ બાળા, કોન્સહ. જયદિપસિંહ બોરાણા, ભાનુશંકરભાઇ ધાંધલા, પંકજભાઇ માળી, રાજદિપભાઇ પટગીર, પોપટભાઇ ગમારા, જગદિશભાઇ વાંક, વિશ્વયજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટનાં મેટોડાના બાપા સિતારામ ભજીયાવાળાના આપધાતના બનાવમાં વ્યાજખોરો સામે ગુનો દાખલ

## વ્યાજખોરોની ધમકી- ત્રાસને લીધે જિંદગી ટુંકાવી હતી: પોલીસે ગુનો દાખલ કર્યો




રાજકોટ,

રાજકોટ મેટોડામાં રહેતાં બાપા સિતારામ ભજીયા નામે વેપાર કરતાં યુવાને ચાર દિવસ પહેલા ન્યારી ડેમે ઝેર પી આપઘાત કરી લીધાના બનાવમાં ચાર વ્યા જખોરોનો અને ધંધો નહિ કરવા દેવા બાબતે અન્ય એક શખ્સ નો ત્રાસ હોવાનું અને તેના કારણે તે મરવા મજબૂર થયાનું તેના ભાઇએ પોલીસને જણાવતાં પાંચેય વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યોર છે.બનાવની વિગત એવી છે કે મેટોડામાં રહેતાં અને ત્યાં જીઆઇડીસીમાં બાપા સિતારામ ભજીયા નામે સ્ટોવલ ચલાવતાં કૃણાલ વિષ્ણુસ્વોમીએ તા. ૨/૪ના રોજ ન્યા રી ડેમ ખાતે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવમાં જે તે વખતે આર્થિક ભીંસ કારણભુત હોવાનું જણાવાયું હતું. અંતિમવિધી બાદ મૃતકના ભાઇ કૌશિકે પોતાના ભાઇને વ્યાજખોરી મામલે ત્રાસ હોવાનું જણાવતાં તાલુકા પોલીસે પાંચ શખ્સોઅ વિરૂધ્ધ ગુનો નોંધ્યોતછે.

કૌશિકે ફરિયાદમાં જણાવ્યું છે કે મેટોડા જીઆઇડીસીમાં મારા પિતાએ બાપા સિતારામ ભજીયા નામે સ્ટોલ ચાલુ કર્યો હતો. તેના અવસાન બાદ ચાર વર્ષથી આ સ્ટોલ હું અને મારા મોટા ભાઇ કૃણાલ ચલાવતાં હતાં. અમારી આર્થિક સ્થિતી સારી ન હોઇ અને મોટા ભાઇ પર ઘરની જવાબદારી હોઇ તે ગામમાંથી વ્યોજે રૂપિયા લેતાં હતાં. એક પાસેથી લઇ બીજાને આપતાં અને બીજા પાસેથી લઇ ત્રીજાને ચુકવતાં હતાં. આ રીતે તેના પર દેણુ થઇ ગયું હતું.વ્યાજખોરો અમારા ભજીયાના સ્ટો્લ્ પર આવીની પઠાણી ઉઘરાણી કરતાં હતાં. તેમજ મારા ભાઇ કૃણાલભાઇને જેમ ફાવે તેમ ગાળો દેતાં હતાં. ત્યારે મને જાણ થઇ હતી કે મારા ભાઇએ ગામમાંથી વ્યાવજે રૂપિયા લીધા છે. મેં તેને કોની કોની પાસેથી પૈસા લીધા છે? તેનું પુછતાં તેણે કહેલુ કે રાજકોટના બ્રિજેશ લાલાણી અને મીતભાઇ ગઢવી પાસેથી રૂા. ૧૩૫૦૦ લીધા છે, લાલાભાઇ અને પટેલભાઇ પાસેથી વ્યાએજે લઇ રકમ ચુકવી દીધી છતાં વધુ ઉઘરાણી કરે છે. બ્રિજે અને મીત સાથે મેં વાત કરતાં તેણે મને પણ ધમકી આપી કહેલુ કે રૂપિયા આપવા જ પડશે. આ દરમિયાન રાતૈયાના ઋષીરાજસિંહ જાડેજાએ અમારા ભજીયાના સ્ટોલ પર આવી ગાળો દઇ અહિ ધંધો કરવો નહિ તેવી ધમકી આપી હતી. આથી મારો મોટોભાઇ સતત ટેન્શીનમાં રહેતો હતો. વ્યા જખોરો ઉઘરાણી માટે અને ઋષીરાજસિંહ ધંધો નહિ કરવા દેવા બાબતે પરેશાન કરતાં હોઇ તા. ૧/૪ના રાતે હું દવા લેવા જાઉ છું તેમ કહીને મારો ભાઇ કૃણાલ નીકળી ગયો હતો. તેને શોધવા છતાં મળ્યોત નહોતો. બીજા દિવસે તા. ૨ના રોજ તે ન્યીરી ડેમ પાસે દવા પી ગયાનો ફોન કોઇએ કર્યો હતો. હું તુરત ન્યોરી ડેમે જતાં તે ગાર્ડન પાસે પડયો હતો અને ૧૦૮ આવી ગઇ હોઇ તેને અમે સિવિલમાં લઇ ગયા હતાં. જ્યાું સાંજ સુધી સારવાર થઇ હતી અને બાદમાં મારા ભાઇનું મોત થયું હતું. આ બનાવમાં તાલુકા પોલીસે આપઘાત કરનાર કૃણાલ વિષ્ણુ સ્વામીના ભાઇ મેટોડા જુની ગ્રામ પંચાયત પાસે રહેતાં કૌશિક સુરેશભાઇ વિષ્ણુરસ્વાણમી (ઉ.વ.૨૭)ની ફરિયાદ પરથી રાજકોટના મીત ગઢવી, બ્રિજેશ લાલાણી, લાલાભાઇ, પટેલભાઇ અને રાતૈયાના ઋષીરાજસિંહ જાડેજા વિરૂધ્ધ આઇપીસી ૩૦૬ મુજબ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ધાકધમકી આપી મરી જવા મજબૂર કર્યાનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# જુનાગઢમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર સટ્ટો ખેલતા ૪ શખ્સો ઝડપાયા

જુનાગઢ,

જૂનાગઢમાં ગિરનાર દરવાજા રોડ પર ગોધાવાવની પાટીમાં આવેલ તંબોળીના ડેલામાં આઈપીએલ ટી ૨૦ ટુર્નામેન્ટની ક્રિકેટ મેચ ઉપર લેપટોપ અને મોબાઈલ ફોન દ્વારા સટ્ટો ખેલાતો હોવાની બાતમી મળતા એસપી હર્ષદ મહેતાની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ જે. જે. પટેલના માર્ગદર્શનમાં તેમના સ્ટાફે રાત્રે દરોડો પાડીને તંબોળી ડેલામાં રહેતો કલ્પેશ ઉર્ફે કાલુ રસિકભાઈ ખોડા, આનંદ ભરતભાઈ પટણી, અયોધ્યા એપાર્ટમેન્ટમાં રહેતો આનંદ મનસુખભાઈ અંદ્રપિયા અને કડિયાવાડ રત્નદદીપ એપાર્ટમેન્ટમાં રહેતો નિલેશ પરસોતમભાઈ ખીમાણીને ઝડપી લીધા હતા.આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૧૬,૦૮૦ની રોકડ, રૂપિયા ૪૪ હજારની કિંમતના આઠ મોબાઈલ ફોન, રૂપિયા ૧૦૦૦૦નું ટેબલેટ, રૂપિયા ૨૦,૦૦૦નું લેપટોપ, ટીવી અને ૩ મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૧,૬૮,૫૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન હાજર નહીં મળી આવેલ જુનાગઢનો ભાવેશ વણઝારા અને લેપટોપમાં રહેલ સોફટવેરમાં મળી આવેલ ગ્રાહકો અને તપાસમાં ખુલે ત્યારે તમામ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી. કે. ઝાલા ચલાવી રહ્યા છે

# રાજકોટમાં રૈયાધાર વિસ્તારમાં ઘરેથી નિકળેલી સગીરા મહિનાથી ગુમ

રાજકોટ,

રાજકોટ રૈયાધાર વિસ્તારમાં રહેતી સગીરા મહિના પૂર્વે ઘરેથી મોબાઈલ રીપેર કરાવવા માટે જવાનું કહી નીકળ્યા બાદ આજ દિન સુધી પરત ન ફરતા આ અંગે સગીરાના દાદીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જેના આધારે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે રૈયાધાર વિસ્તારમાં રહેતા ૫૮ વર્ષના પ્રૌઢાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની ૧૭ વર્ષની પૌત્રી કે જેના માતા હયાત ન હોય તે તેમની સાથે રહે છે. ગત તા.૫/૩/૨૦૨૪ ના બપોરના સમયે સગીરા ઘરેથી હું મોબાઈલ રીપેર કરાવવા જાઉં છું તેમ કહીને બહાર નીકળી હતી. બાદમાં તે ઘરે પરત ન ફરતા તેની શોધખોળ શરૂ કરી હતી.

પરંતુ આજદિન સુધી તેનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરવામાં આવી છે. આ અંગે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. બનાવ અંગે વધુ તપાસ પીએસઆઈ એચ.વી.પટેલ ચલાવી રહ્યા છે.